જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ


વિ. સં. ૨૦૭૫ । સોમવાર । તા. ૦૭-૦૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । અંક : ૨૦ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

બેંગલુરુમાં ગાઢ ધુમ્મસને કારણે ૫૦ ફ્લાઈટ રદ,દિલ્હીમાં ૨૦થી વધુ ટ્રેનો મોડી ચાલી રહી છે

કાશ્મીરમાં ભારે બરફવર્ષા, દિલ્હી-એનસીઆરમાં વરસાદ: જનજીવન પ્રભાવિત

હિમાચલમાં ઓરેન્જ એલર્ટ જાહેર,હરિયાણામાં ગાઢ ધુમ્મસ,રાજસ્થાનમાં વરસાદ તો બિહાર ધુમ્મસની ચાદરમાં લપેટાયુ



ન્યુ દિલ્હી

નવા વર્ષના પહેલાં વીકેન્ડમાં જ દિલ્હીમાં વરસાદ પડ્યો છે. રવિવારે સવારે દિલ્હી-એનસીઆરના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદો પડ્યો હતો. વરસાદના કારણે પારો ગગડતા ઠંડી વધી છે. જ્યારે જમ્મુ-કશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા થઈ છે. હિમવર્ષાને કારણે સામાન્ય જન જીવન પર અસર પડી છે. આના કારણે જનજીવન પર માઠી અસર પડી છે. બેંગલુરુમાં રવિવારે ગાઢ ધુમ્મસને કારણે સિંગાપુર અને ગોવાથી બેંગલુરુ આવનારાં બે પ્લેનને ડાયવર્ટ કરીને ચેન્નાઈ મોકલવામાં આવ્યાં. લગભગ ૫૦ જેટલી ફ્લાઈટને અસર થઈ છે. દિલ્હીમાં પણ વ્હેલી સવારે થયેલા વરસાદ અને ધુમ્મસને કારણે ૨૦થી વધુ ટ્રેન મોડી ચાલી રહી છે. પાંચ દિવસ પછી શનિવારે રાજસ્થાનમાં જયપુર સહિત ૧૦થી વધુ જિલ્લામાં તાપમાન ૨ ડિગ્રી સુધી ઘટ્યું. મધ્યપ્રદેશ અને ગુજરાતમાં શીતલહેરની ચેતવણી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગે કહ્યું કે હિમાચલ પ્રદેશમાં ૯ જાન્યુઆરી સુધી બરફવર્ષા યથાવત રહેશે. રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. તો હરિયાણાના કરનાલ, સિરસા, હિસાર સહિતના જિલ્લાઓમાં શનિવારે સામાન્ય વરસાદ થયો હતો. જોકે, દિલ્હીમાં દિવસ કરતાં રાતે પારો વધારે ગગડે છે. જ્યારે સવારે મોડે સુધી ધુમ્મસ છવાયેલું રહે છે. શનિવારે મહત્તમ તાપમાન ૨૩ ડિગ્રી રહ્યું હતું, જે સામાન્ય કરતાં ૩ ડિગ્રી વધારે રહ્યું. જ્યારે લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી નોંધાયું હતું. ઉત્તર પ્રદેશમાં સતત બીજા દિવસે શનિવારે પણ ધુમ્મસ છવાયેલું રહ્યું. સ્થાનિક હવામાન વિભાગ અનુસાર, પૂર્વ, પશ્ચિમ અને મધ્ય ઉત્તર પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં ધુમ્મસને લીધે રેલ, સડક અને હવાઈ ટ્રાન્સપોર્ટેસનને અસર પહોંચી હતી. ઉત્તરાખંડના ચમોલી, ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, પિથોરાગઢ અને બાગેશ્વરમાં આવતી કાલે હિમવર્ષા અને વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે અને બણા જિલ્લાના અધિકારીઓને એલર્ટ પર રહેવા આદેશ કરાયો છે. હવામાન વિભાગે કહ્યું કે બિહારમાં ૭ જાન્યુઆરીએ વરસાદ પડે તેવી શક્યતા છે. ૮ જાન્યુઆરીથી ગાઢ ધુમ્મસની સંભાવના છે. રાજ્યમાં ઉત્તરપ્રદેશ અને નેપાળથી આવી રહેલી ઠંડીની અસર છે. દિવસમાં પણ વાદળછાયું વાતાવરણ જોવા મળે છે.

જડબેસલાક બંદોબસ્ત અને શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ લોકરક્ષક દળની પરીક્ષા

ગાંધીનગર

રાજ્યભરમાં લોકરક્ષક દળની પરીક્ષા યોજાઈ હતી. રાજ્યના તમામ જિલ્લાઓમાં એલઆરડીની પરીક્ષા યોજાઈ. આ પરિક્ષામાં ઉમેદવારોને સેન્ટર સુધી લઈ જવા માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. લોકરક્ષક દળની ૯ હજાર ૭૧૩ જગ્યા માટે આઠ લાખ જેટલા ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

રાજ્યની ૨ હજાર ૪૪૦ શાળા અને કોલેજોમાં કેન્દ્રોમાં પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યું. એલઆરડીની પરીક્ષા માટે ૨૯ હજાર ૨૦૦ રૂમ ફાળવવામાં આવ્યા હતા. પરીક્ષારૂમની આસપાસ હથિયારધારી ગાર્ડ પણ તૈનાત કરાયા હતા. તમામ સેન્ટરો પર સીસીટીવી કેમેરાથી મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. અમદાવાદ કંટ્રોલ રૂમથી પોલીસ પરીક્ષા કેન્દ્ર પર નજર રાખવામા આવી. દરેક પ્રકારની ગતિવિધી પર પોલીસ દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી. આપને જણાવી દઈએ કે, ૬,૧૮૯ ખાલી જગ્યાઓ માટે ભરતી કરવા માટે પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ જેમાં ભરતી પરીક્ષા માટે કુલ ૮.૩૬ લાખ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા અને ત્યારબાદ પરીક્ષા યોજાયાના થોડા જ સમયમાં પેપર લીક થયું હોવાના સમાચારથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. જો કે, પેપર લીક થયાં બાદ પરીક્ષા બોર્ડ દ્વારા ફરીવાર પરીક્ષા યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યની ૨ હજાર ૪૪૦ શાળા અને કોલેજોમાં પરીક્ષા કેન્દ્રો ફાળવાયા છે. એટલું જ નહીં ન્ર્ઈદ્ધની પરીક્ષા માટે ૨૯ હજાર ૨૦૦ રૂમ ફાળવવામાં આવ્યા છે.

૨૦૧૯માં બહુમતીથી બનશે ભાજપ સરકાર, કોંગ્રેસનાં રાજમાં માત્ર ભ્રષ્ટાચાર: અમિત શાહ

વલસાડ

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કેન્દ્ર શાસિત પ્રદેશ સેલવાસાના પ્રવાસે છે. જ્યાં તેમણે દમણ, દીવ અને દાદરા નગર હવેલીના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત લીધી હતી. આ ઉપરાંત સેલવાસમાં જાહેરસભાને પણ સંબોધી હતી. અમિત શાહે કોંગ્રેસ અને સોનિયા ગાંધી ઉપર આકરાં પ્રહારો કર્યા હતા. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ૨૦૨૦ સુધીમાં દેશનો એક પણ જિલ્લો એવો નહીં હોય જ્યાં ભાજપનું કાર્યાલય નહીં હોય. ૨૦૨૦ સુધીમાં દેશના તમામ જિલ્લામાં ભાજપની હાજરી રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી ને ૨૦૧૯ માં ફરી એક વખત પીએમ બનાવવાનો સંકલ્પ લઈ ને દરેક કાર્યકર્તા જાય. ભાજપના જીતનો આધાર કોઈ નેતા નથી હોતો પણ બુથ લેવલના કાર્યકર્તાઓની મહેનત હોય છે. બુથ લેવલના કાર્યકર્તાઓની અમારી જીતનો આધાર હોય છે. તેમણે મહિલાઓની સુરક્ષા અંગે જણાવ્યું હતું કે, ૧૦ વર્ષ સુધી સોનિયા મનમોહનની સરકાર ચાલી દેશ ની સીમાઓ મહિલાઓ સુરક્ષિત ન હતી. ૧૨ લાખ કરોડના ગોટાળા કર્યા હતા. જેને કારણે વિશ્વમાં દેશની છબી ખરડાઈ હતી. જ્યારે ભાજપ સરકારે પાંચ વર્ષમાં દરેક ક્ષેત્રમાં વિકાસ કર્યા છે. દેશમાં કરોડો પરિવાર એવા હતા જ્યાં ધુમાડાવાળો ચૂલો જ હતો. એમને ગેસના ચૂલા આપ્યા. ૮ કરોડ ગરીબોના ઘર માં શૌચાલય અધિક રોડ ગરીબ પરિવારોને ઘર આપવાનું કામ ભાજપની સરકારે કર્યું હતું. અમિત શાહે રાહુલ ગાંધી ઉપર વાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખેડૂત ખેડૂત કરી રહ્યા છે. પરંતુ અત્યાર સુધી આપની સરકાર હતી અત્યાર સુધી આપે શું કર્યું ? કોંગ્રેસ ક્યારેય ગરીબ લોકોની ચિંતા કરી નથી. દમણ અને દાદરા નગર હવેલીમાં ૫ હજાર કરોડના વિકાસના કામ કર્યા છે. હવે રાહુલ બાબા હિસાબ માંગે છે. તમારી ચાર પેઢીઓએ દેશ ઉપર રાજ કર્યું છે. તેનો હિસાબ લઈ દાદરા નગર હવેલી અને દમણમાં આવી જજો આપણા બેબે હાથ થઈ જાય. ૧૨૯ યોજનાઓનો હિસાબ લિને આપની વચ્ચે આવ્યો છું.

મોબાઈલના વપરાશથી સાવધાન

આપના મોબાઈલ ફોનમાંથી નીકળતા રેડીયેશનથી મગજ, કાન, આંખ, ગળા, હ્રદય ને થતાં નુકસાનથી બચવાની એન્ટી રેડીએશન ચિપ આપના મોબાઈલ પર લગાડી આપ રોગ મુકત રહો તેમજ તેના બિઝનેસમાં એજન્ટ બની ઓછા રોકાણથી મહેનત મુજબ માસિક ૫૦૦૦ કે તેથિ વધુ કમાવા ફોન કરો. (કોઈપણ પ્રકારનું સેલ્સ-માર્કેટિંગ કરતા મિત્રો, મોબાઈલ રીપેરીગ કરનાર, પ્રિ-પેડ સિમકાર્ડ વેચનાર કે નાના દુકાનદારો મોબાઈલ એન્ટી રેડિએશન ચિપ વેચી વધુ કમાવા અચૂક ફોન કરે)

MARKET4U
BHARUCH - SURAT
market4u.in
7575006850
ZAVERI

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

(રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં જોડાઈ ઓળખપત્ર મેળવી સમાજસેવા કરવા આધાર પુરાવા સાથે જોડાવા રૂબરૂ મળો અથવા ફોન કરો

75750 06850

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટના સભ્યોએ જનસેવા અને જન સુખાકારી માટેના કાર્યો કરવાના રહેશે.

(૧) લોકજાગૃત્તિના કાર્યો જેમ કે ગરીબ કે મધ્યમ વર્ગને મળતું રાહત દરના અનાજની યોગ્ય વહેંચણી. બીપીએલ/એપીએલ કાર્ડની યોગ્ય ફાળવણી અને જરૂર જણાય સરકારમાં રજુઆતો કરવી.
(૨) રસ્તા અને શહેરની સફાઇનું અમલીકરણ, કચરાનો યોગ્ય સમયે યોગ્ય સ્થળે નિકાલ.
(૩) બાગ-બગીચાની સારસંભાળ.
(૪) શાળાઓ દ્વારા રાઇટ ટુ એજ્યુકેશનના અમલીકરણ, શાળામાં રમત-ગમતનું મેદાન હોવું જરૂરી. છોકરા-છોકરીની અલગ મૂતરડી હોવી ફરજીયાત. ફાયર-ફાઇટીંગના સાધનો ફરજીયાત હોવા જરૂરી. ડોનેશન પ્રથા નાબુદી. ગણવેશ, ચોપડા ખરીદી પર થતા વેપારને રોકવો. વિષયો પ્રમાણે ક્વોલિફાઇડ શિક્ષકો હોવા. વિગેરે બાબતોનું ધ્યાન રાખી રખાવી શિક્ષણ વ્યવસ્થા સુધારવી.
(૫) જનારોગ્ય વિશે જાગૃત્તિ દ્વારા સરકારી યોજનાઓની નાગરિકોને જામ કરવી. આવી સરકારી યોજનાઓનો લાભ ગરીબ મધ્યમ વર્ગને આપવામાં મદદરૂપ થવું જરૂર જણાય સરકારમાં રજુઆત કરવી. ઇન્દિરા આવાસ, સરદાર આવાસ જેવી યોજનાઓમાં યોગ્ય ફાળવણી કરાવવી.
(૬) રક્તદાન, આંખોનું દાન, અંગદાન વિશે જાગૃત્તિ લાવી પ્રેરણા પુરી પાડવી.
(૭) સમાજમાં ભાઇચારા અને વિશ્વબંધુત્વની લાગણીનો વિકાસ કરવો. સમાજ અને દેશ પ્રતિ નિષ્ઠા કેળવવી.
(૮) વાતાવરણ વૃક્ષની જાળવણી અને પર્યાવરણની જાણવણી કરવી-કરાવવી.
(૯) ચૂંટણી સમયે યોગ્ય પ્રતિનિધિની વરણી કરવી. યોગ્ય સરકારની રચનામાં મદદરૂપ બનવું.
(૧૦) નાગરિક ઘડતરના કામમાં તત્પર રહેવું. નાગરિકની આવક વધે તેવા સેવા કાર્યો કરવા. વિધવા સહાય જેવા સરકારી યોજનાઓનું યોગ્ય અમલીકરણ કરાવવું. આપત્તિ સમયે એક જુથ થઇ સમાજ અને દેશને મદદરૂપ થવું વિગેરે કાર્યો કરવા તેમજ કરાવવા.

: જોડાવવા માટેની જરૂરી વિગતો :

નામ, સરનામું, પિનકોડ, જન્મ તારીખ, સ્ત્રી-પુરૂષ, બેંકનું નામ, બેંક ખાતા નંબર, આઇ.એફ.એસ. કોડ, પાન કાર્ડ નંબર, મોબાઇલ નંબર, વારસદારનું નામ, વારસદાર સાથેનો સબંધ.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી બાકીના રૂપિયા કામ મુજબ ચચેલ આવકમાંથી ચુકવાઇ જશે, જે માટે સાથે દર્શાવેલ કોપ્રન પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઇચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રૂા ઇનકમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૬૫૦/- (ઓટો મોડવી કપાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (ઓટો મોડવી કપાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	100/-
2nd	70/-
3rd	50/-
4th	40/-
5th	30/-
Total	290/-



માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	750/-
2nd	500/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-
Total	1900/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48
શરદ જાદવ 7575006849
રવિ પટેલ 7574888860
અશોક મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

નર્મી અને મીડીયા પાર્ટનર કચ્છમિત્ર યોજિત કૃષિ મેળા-ડેરી, એકસ્પોનું ઉદઘાટન કરતાં રાજયમંત્રી વાસણભાઈ આહિર

કચ્છના ખેડૂતો સરકારે જાહેર કરેલ ઈનપુટ સબસીડીનો લાભ લે - રાજયમંત્રી વાસણભાઈ આહિર



ભુજ, રાજય સરકારે ૧૧ જિલ્લામાં સૌથી વધુ ૨૪૭ કરોડ રૂપિયાનું ઈનપુટ સબસીડી માટેનું ભંડોળ કચ્છ જિલ્લાને ફાળવ્યું છે, ત્યારે જિલ્લાના ખેડૂતોને ઓનલાઈન અરજી કરીને આ સબસીડીનો મહત્તમ લાભ લેવાની હાકલ ભુજ ખાતે કૃષિ મેળા અને ડેરી એકસ્પોનું ઉદઘાટન કરતાં રાજયમંત્રી વાસણભાઈ આહિરે કરી હતી.

નેશનલ રિચર્સ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ (નર્મી) સંસ્થા દ્વારા કચ્છમિત્ર મીડીયા પાર્ટનર તરીકેના સહયોગથી આયોજિત ૧૧મા હાઈટેક કૃષિ મેળા સાથે ડેરી એકસ્પોના ઉદઘાટન સમારોહ બાદ રાજયમંત્રી વાસણભાઈ આહિરે સમગ્ર કૃષિ મેળા-ડેરી એકસ્પોમાં ફરીને પ્રત્યેક સ્ટોલની રૂબરૂ મુલાકાત લઈ વિગતો જાણી હતી.

કચ્છભરમાંથી ઊમટેલા કિસાન, પશુપાલકો, આયોજક સંસ્થાઓ, મુખ્ય પ્રાયોજકોની ઉપસ્થિતિ વચ્ચે રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરે રિબીન કાપીને ચાર દિવસીય કૃષિ મેળો-ડેરી એકસ્પોને ખુલ્લો મૂકતાં સંસ્થાઓની પહેલને વધાવી હતી. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પણ મુલાકાત લીધી હતી.

જિલ્લા ભાજપા પ્રમુખ કેશુભાઈ પટેલે નર્મી સંસ્થા, કચ્છમિત્ર તેમજ પ્રાયોજકની સહિયારી પહેલાની પ્રસંશા કરતાં ખેતી અને પશુપાલન જેવા ક્ષેત્રોમાં આધુનિક સ્વરૂપો અપનાવી, સમયની સાથે ચાલવાની શીખ આપી હતી.

કચ્છની ખેતી આપણા રાજય અને દેશને રાહ ચીંધે છે. હજુ ગઈકાલે જ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૩૦૦ મેટ્રિક ટનની ક્ષમતાવાળા અમૂલના કચ્છમાં પ્રથમ પ્લાન્ટ માટે પાંચ કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવ્યું છે. ઊંટડીના દૂધનો આપણા કચ્છમાં શરૂ થયેલો પ્લાન્ટ આવો એશિયાનો પ્રથમ પ્લાન્ટ હશે. ખેડૂતોની સાથોસાથ પશુપાલકોના જીવન સ્તરમાં પણ સુધારો આવ્યો છે.

કૃષિ મેળો-ડેરી એકસ્પો જેવા આયોજનોની ચાવીરૂપ ભૂમિકા છે. તેવું મુખ્ય પ્રાયોજક સરહદ ડેરીના અધ્યક્ષ વલમજીભાઈ હુંબલે જણાવ્યું હતું.

કચ્છમિત્રના તંત્રી દીપકભાઈ માંકડે જણાવ્યું હતું કે, અછત અલ્પજીવી છે અને આવનારા વર્ષે વરસાદ થશે તેવા આશાવાદનું પ્રતિબિંબ આયોજનમાં ઝીલાઈ રહયું છે. પાણીનો કરકરસપૂર્વક ઉપયોગ કરવાની ટેકનીક અપનાવવી પડશે. પાણીના પુનઃવપરાશની પ્રણાલીઓ વિકસાવવાનું સૂચન પણ તેમણે કર્યું હતું.

રાજયમંત્રી વાસણભાઈ આહિરના હસ્તે સ્વ.જેઠાલાલ મોરારજી ઠકકરની સ્મૃતિમાં ધુણઈના શિવજીભાઈ છબાડિયાને કેળાંની ખેતી માટે, કચ્છના સાંસદ વિનોદભાઈના પિતા અને સુખપર રોહાના લખમશી ચાવડાને કેરી માટે, મિરઝાપરના ગોપાલભાઈ ચાવડાને કેરી અને શાકભાજી માટે, કોટડા-રોહાના દિપકભાઈ ધેડાને પપૈયા માટે, દનણાના રાઘુભા સોઢાને એરંડા, મગફળી માટે એવોર્ડથી સન્માનિત કરાયા હતા. આ તકે સ્વ.જેઠાલાલભાઈ પરિવારના જિજ્ઞેશભાઈ, વિરલભાઈ અને દિપાલીબેન જોડાયા હતા.

પ્રારંભમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય કરી નર્મીના અધ્યક્ષ પ્રશાંત પટેલે અતિથિઓનું સ્વાગત કર્યું હતું અને આયોજિત મેળા વિશેની વિગતો વર્ણવી હતી.

કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મુકેશભાઈ ધોળકીયાએ કરી હતી.

આ પ્રસંગે કચ્છમિત્રના મેનેજર શૈલેષ કંસારા, મદદનીશ તંત્રી નિખિલભાઈ પંડયા, કચ્છમિત્ર પરિવારના હુસેન વેજલાણી, નિમિષ વોરા, પ્રફુલ્લ ગજરા, ગીરીશ જોશી, અંબર અંજારીયા, મુખ્ય પ્રાયાજકો એગ્રોસેલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.ના ડાયરેકટર ચૈતન્ય શ્રોફ, એકસેલ ક્રોપ કેર લિ.ના વરિષ્ઠ અધિકારી નિખિલભાઈ જોશી, અદાણી ફાઉન્ડેશન સીએસઆર હેડ પંકિતબેન શાહ, સરહદ ડેરીના એમ.ડી. જયંતીભાઈ, કાનજીભાઈ કાપડી, વાડીલાલ પોકાર, વિશ્રામભાઈ રાબડીયા, નરશીભાઈ વાસાણી, વનરાજ કુવાડિયા, નાયબ બાગાયત નિયામક ડો.ફાલ્ગુન મોઢ, દેવરાજ ગઢવી, કિશોરભાઈ, હરેશભાઈ ઠકકર, જાણીતા ઉધોગપતિ અજિતભાઈ માનસત્તા, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

જય ભીમ મેડિકલ યુનિયન કચ્છ,જય ભીમ યુવા ગ્રુપ ઝુરા,જતવાંઢ સુન્ની મુસ્લિમ યુવા ગ્રુપ ઝુરા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ભુજ કચ્છ: તા.૦૬/૦૧/૨૦૧૯ રવિવાર રોજના ભુજના જીવન જ્યોત બ્લડ બેંક ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.આ બ્લડ ડોનેશન કેમ્પ ત્રણ ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું હતું.બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યુ હતુ.જય ભીમ મેડિકલ યુનિયન કચ્છ,જય ભીમ યુવા ગ્રુપ ઝુરા,જતવાંઢ સુન્ની મુસ્લિમ યુવા ગ્રુપ ઝુરા દ્વારા આજરોજ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.જય ભીમ મેડિકલ યુનિયન કચ્છ દ્વારા જરૂીયાત મંદ લોકો માટે બ્લડ પૂરું પાડવમાં આવે છે.આ આયોજનમાં ઉપસ્થિત જય ભીમ મેડિકલ



યુનિયનના પ્રમુખ ગોવિંદ વણકર,અર્જુન મારવાડા,બાબુ બુચિયા,ભાવેશ મારવાડા,પ્રકાશ બુચિયા,મુકેશ બુચિયા વગેરે જોડાય હતા.

જય ભીમ યુવા ગ્રુપ ઝુરા,જતવાંઢ સુન્ની મુસ્લિમ યુવા ગ્રુપ ઝુરા ઉપસ્થિત આગેવાનો ડૉ.હબીબશા સૈયદ,ગણેશ ખોયલા,અલ્પેશ ભદ્રુ,દિનેશ મારવાડા,અબ્દુલ જત,જત જાકબ,જત અયુબ,જત આમદ,નાનજી મેરીયા વગેરે જોડાય હતા.યુવા પત્રકાર ગૌતમ બુચિયા જોડાયા હતા.

તમામ ગ્રુપની આભારવિધિ બાબુ બુચિયાએ કરી હતી.



ભરીમાતા રોડ પરના કારખાનાના વેસ્ટેજમાં આગ ભભૂકી, કોઇ જાનહાનિ નહી


સુરત

ફાયર બ્રિગેડ ના સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ વેડરોડ ભરીમાતા રોડ રોયલ ઈન્ડસ્ટ્રીયલ ખાતે આવેલા બે લુમ્સના કારખાનામાં વચ્ચે નાખેલો વેસ્ટિજ માં આજે વહેલી સવારે અચાનક કોઈક રીતે આગ ભભૂકી ઉઠી હતી બાદ મા આગ ફેલાતા બાજુમાં આવેલ સંચા ખાતામાં કારખાનામાં પ્રસરી ગઈ હતી. જોતજોતામાં આગ વકરતા આજુબાજુના લોકોમાં નાસભાગ થઈ ગઈ હતી કારખાનામાં પાછળની તરફ મુકેલો ગ્રે કાપડનો જથ્થો આગની લપેટમાં આવી જતા ૫૦ જેટલા કાપડના તાકા સળગી ઊઠયા હતા. બનાવની જાણ થતા ફાયર ઓફિસર હિતેશ ઠાકોર અને ફાયર જવાનોઘટના સ્થળે દોડી ગઈ હતી અને ત્યાં મુગલીસરા અનેક ગામની ગાડીઓ ધસી ગઈ હતી અને પાણીનો છંટકાવ કરતા અડધો કલાક માં આગ પર કાબુ મેળવ્યો હતો આગ કારખાનાના પ્રસરે તે પહેલા આગ પર કાબુ મેળવી લીધો હતો.

નેપાળે હવે ૨૦૦, ૫૦૦ અને ૨૦૦૦ની ભારતીય નોટ બંધ કરી...

નોટબંધીના કારણે સંબંધોને અસર થઇ

ભારત અને નેપાળ વચ્ચેના સંબંધમાં નોટબંધીના કારણે પ્રતિકુળ અસર થઇ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પડોશી દેશ નેપાળની સાથે સંબંધોને વધારે મજબુત કરવા માટે આ દેશની ત્રણ વખત યાત્રા કરી ચુક્યા છે. પરંતુ નવેમ્બર ૨૦૧૬માં ભારતમાં નોટબંધીની જાહેરાત કરવામાં આવ્યા બાદ તેની અસર નેપાળમાં જોવા મળી રહી છે. ભારતમાં લાગુ કરવામાં આવેલી નોટબંધી સહિત કેટલાક પગલાના કારણે પારસ્પરિક સંબંધ મજબુત થવાના બદલે તેમાં કેટલીક અડચણો આવી રહી છે. ગયા મહિનામાં જ નેપાળે ૧૦૦ રૂપિયાની નોટને બાદ કરતા ભારતીય ચલણના ૨૦૦, ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નોટ રાખવા અને તેના ઉપયોગ પર પ્રતિબંધ મુકી દેવા નેપાળમાં ખળભળાટ મચી ગયો છે. ભારતમાં નોટબંધી બાદ નેપાળમાં ચલણમાં આવેલ ભારતીય ચલણની નવ નોટ હજુ બદલી શકાઇ નથી જેથી પરેશાની અકબંધ રહી છે. કાળા નાણાં, બનાવટી કરેન્સી અને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઇએસઆઇ દ્વારા બનાવટી ભારતીય કરેન્સી બજારમાં મોટા પાયે લાવવાને લઇને ભારતે ચોક્કસપણે ઐતિહાસિક પહેલ કરીને નોટબંધીની જાહેરાત કરી હતી. જો કે નેપાળની સાથે આ જટિલ મુદ્દાને ઉકેલવામાં થયેલા વિલંબના કારણે અમારા સંબંધ આડે તકલીફ થઇ રહી છે. નોટબંધીના કારણે પડોશી દેશ નેપાળની સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોને માઠી અસર થઇ છે. દ્વિપક્ષીય સંબંધોમાં ઉથલપાથલ મચી ગઇ છે. હાલમાં જ નેપાળે ભારતની નોટી નોટને પોતાને ત્યાં માન્યતા ન આપવાના નિર્ણયના કારણે બંને દેશોના સંબંધોને સામાન્ય બનાવવાના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે.ય પ્રવાસ અને વેપારના ક્ષેત્રમાં પણ આની પ્રતિકુળ અસર જોવા મળી રહી છે. નેપાળે હાલમાં જ એક સરકારી આદેશ જારી કરીને ભારતની નવી બે હજારની નોટ, રૂપિયા પાંચસોન નોટ, રૂપિયા ૨૦૦ની નોટ પર પ્રતિબંધ મુકી દેવાની જાહેરાત કરી હતી. હકીકતમાં બે વર્ષ પહેલા આઠમી નવેમ્બર ૨૦૧૬ના દિવસે ભારત સરકારે મોટી નોટ પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ ૨૦૦૦, ૫૦૦ અને ૨૦૦ રૂપિયાની નવી નોટ બજારમાં લાવવામાં આવી ચુકી છે. ૫૦ રૂપિયાની પણ નવી નોટ બજારમાં લાવવામાં આવી ચુકી છે. એ વખતથી જ એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે ભારતમાં કામ કરનાર નેપાળી શ્રમિકો અને નેપાળ જનાર ભારતીય પ્રવાસીઓને આના કારણે ભારે નુકસાન થશે. સવાલ ઉભા થઇ રહ્યા હતા. નેપાળમાં વધી રહેલી ભારતીય નોટને કઇ રીતે બદલી નાંખવામાં આવે તે પ્રશ્ન તઇ રહ્યો હતો. તેનો ઉકેલ કઇ રીતે લાવવામાં આવે. ભારત નેપાળના સૌથી નજીકના પડોશી અને વેપારી દેશ તરીકે છે. નેપાળને ભારત મોટા ભાગની ચીજો ઉપલબ્ધ કરાવે છે. નવા નિર્દેશમાં કહેવામાં આવ્યુ છે કે નેપાળ સરકારે ભારતના ૧૦૦ રૂપિયાની નોટને બાદ કરતા બાકી નોટ પર પ્રતિબંધ મુક્યો છે. ગરીબ અને નબળા વર્ગના લોકોને તકલીફ ન પડે તે માટે ૧૦૦ રૂપિયાની નોટ અમલી રાખવામાં આવી છે. ભારતના પરંપરાગત મિત્ર દેશોમાં નેપાળ પણ સામેલ છે. તેની સાથે સાંસ્કૃતિક અને વેપાર સંબંધ રહેલા છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોથી સંબંધમાં અડચણો આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નેપાળમાં ત્રણ વખથ જઇને આવ્યા છે પરંતુ કેટલાક મુદ્દાના કારણે તકલીફ અકબંધ રહી છે. હવે નવી સમસ્યાનો મુદ્દો નોટબંધ પણ છે. નેપાળમાં ભારતીય ચલણનો ઉપયોગ સત્તાવાર નથી પરંતુ વેપારિક રીતે ખુબ વધારે છે. ભારતીય મુદ્રાના વિકેન્દ્રીકરણ બાદ આ પગલાની અસર જોવા મળી રહી છે. હકીકત એ છે કે નેપાળી રૂપિયા બાદ ભારતીય ચલણ નેપાળમાં સૌથી વધારે ફેલાવો ધરાવે છે. જેના કારણે નોટબંધીની સીધી અસર જોવા મળી રહી છે. નેપાળનો પ્રશ્ન એ છે કે ભારત પોતાની જુની નોટ કેમ બદલી રહ્યુ નથી. આ મામલે નેપાળે ભારત સાથે કેટલીક વખત વાતચીત કરી છે. કેટલીક સહમતિ પણ થઇ છે પરંતુ સંકટનો ઉકેલ આવી શક્યો નથી. નેપાળમાં ભારતીય ચલણ સત્તાવાર નથી. જેની અસર થઇ રહી છે.



નેપાળી ચલણ બાદ ભારતીય નોટ નેપાળના બજારમાં સૌથી વધારે હોવાથી અંધાધુંધી : નેપાળ સાથે જટિલ મુદ્દાને ઉકેલવાની જરૂર છે

કમનસીબી : લોન માફી સરકારમાં આવવાનો સરળ રસ્તો બન્યો...

લોન માફી છતાં પણ ખેડુતો હેરાન છે

ત્રણ હિન્દી પટ્ટા રાજયો રાજસ્થાન, છત્તિસગઢ અને મધ્યપ્રદેશમાં ભાજપે તેની સત્તા ગુમાવી દીધા બાદ હવે ચારેબાજુ એક જ ચર્ચા છે કે દેશના ખેડુતો નારાજ હોવાછી ભાજપને ફટકો પડ્યો છે. આ પ્રકારના હેવાલ વચ્ચે ફરી એકવાર લોન માફીની ચર્ચા છેડાઇ ગઇ છે. કારણ કે કોંગ્રેસ પાર્ટીએ વારંવાર લોન માફીની વાત કરી હતી અને ખેડુતો પર તેની અસર દેખાઇ છે અને વિવિધ રાજ્યોમાં સત્તામાં તેની વાપસી થઇ છે. હાલમાં દરરોજ સાંભળવા મળે છે કે એ પાર્ટીએ ખેડુતની લોન માફી કરી દીધી છે. આજે એ રાજયમાં ખેડુતો માટે રાહત જાહેર કરવામાં આવી છે. ખેડુતોની સુવિધા વધારી દેવા પગલા લેવામાં આવી રહ્યા છે.અમે દરરોજ અખબારો, ટેલિવીઝન અને અન્ય સોશિયલ મિડિયામાં જોઇ રહ્યા છીએ કે આ લોન માફીનો સિલસિલો જારી છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા ખેડુતો પણ તમામ બાબતોને નિહાળી રહ્યા છે. ખેડુત પાકના કારણે પરેશાન રહે છે. કુદરતના કારણે પણ હારી જાય છે. ખેડુત વિચારતો રહે છે કે તેને નંબર ક્યારેય લોનમાફીના મામલે આવશે. તેને સંતોષજનક લાઇફ ક્યારેય મળી શકશે. તેની લોન માફી ક્યારેય થશે. તેનો નંબર આવતો નથી ત્યારકે તંગ આવીને તે ઉપર જવા માટેનો પોતાનો નંબર લગાવી લે છે. આ પ્રક્રિયા વર્ષોથી ચાલી રહી છે. સરકારમાં આવવા માટે લોન માફી હવે સૌથી સરળ રસ્તો બની ગયોછે. આખરે આટલા પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતી કેમ સુધરી રહી નથી તે પ્રશ્ન થઇ રહ્યોછે. સરકાર ક્યાં ખેડુતોના લોન માફ કરી રહી છે. તમામ લોકોને આ બાબત જાણીને હેરાની થશે કે ૨૨.૫ ટકાથી વધારે ખેડુતો સત્તાવાર રીતે ગરીબી રેખાની નીચે છે. સ્વતંત્રતાના ગાળામાં ભૂમિવગરના ખેડુતોની સંખ્યા ૨.૭ કરોડ હતી. જે હવે વધીને પાંચ ગણી થઇ ગઇ છે. જ્યારે દરેક નેતા સવાર સાંજે ખેડુતોના ફાયદાની વાત કરતા રહે છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા ૨૬ કરોડ ખેડુતોમાંથી માત્ર ૧૨ કરોડ ખેડુતો પાસે કૃષિ ભૂમિ છે. ભારતના ૬૭ ટકા સિમાંત ખેડુતોની પાસે એક એકર ભૂમિ કરતા પણ ઓછી ભૂમિ છે. આ પ્રકારના ખેડુતોને સરકારી બેંકો, કોઓપરેટિવ સોસાયટીથી લોન મળે છે તો પણ નહીંવત સમાન લોન મળે છે. ૧૦ હેક્ટર અને તેના કરતા વધારે જમીન એક ટકા ખેડુતોની પાસે છે. બસ એક જ ટકા આવા ખેડુત છે જેમની પાસે લોન માફ થાય છે. હવે સરકાર આ કડવી વાસ્તવિકતા સમજીને આગળ વધે તે જરૂરી છે. સરકારોને એક ટકા ખેડુતોની સાથે સાથે અન્ય ખેડુતો માટે પણ સ્કીમ બનાવે તે જરૂરી છે. લાભ દરેક નાના, સિમાંત અને ભૂમિહિન મજદુરો સુધી પહોંચે તો જ ફાયદો થશે. જો આવી સ્થિતી રહેશે તો લોન માફીની જરૂર પણ પડશે નહીં. હાલમાં યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ પાર્ટીએ ખેડુતોની લોન માફ કરવાનુ વચન આપ્યુ હતુ. પંજાબ અને કર્ણાટકમાં કોંગ્રેસની સરકારો છે પરંતુ આ રાજ્યોમાં ખેડુતો લોન માફી બાદ પણ આંદોલન કરી રહ્યા છે. લોન માફીના લાભ સરકારોને મળી રહ્યા નથી. આગામી દિવસોમાં ખેડુતોની સમસ્યા જટિલ ન બને તે માટે ગંભીરતાપૂર્વક અને મજબુત ઇચ્છાશક્તિ સાથે આગળ વધવાની જરૂર છે.લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે હવે ફરીથી લોન માફીની વાત કરવામાં આવનાર છે. સરકાર દરેક યોગ્ય ખેડુતના ખાતામાં સીધી રીતે ૧૦૦૦૦ રૂપિયા નાંખવા માટેની યોજના પર કામ કરી રહી છે. આ રૂપિયાની ફાળવણી બિયા, ખાતર અને કૃષિ સામગ્રી ખરીદવા માટે આપવામાં આવનાર છે. આ ઓરિસ્સા સરકારના મોડલ તરીકે છે. પીએમઓ દ્વારા આને ગંભીરતાથી લેવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આને લઇને સતત નાણાં અને કૃષિ મંત્રાલય સાથે વાતચીત કરવામાં આવી રહી છે. ઓરિસ્સામાં દરેક ખેડુતના ખાતામાં દર વર્ષે ૧૦૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવે છે. આના કારણે આશરે ૧.૪ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ આવે છે. અલબત્ત રાજ્ય સ્તર પર કેટલાક પડકારોનો સામનો પણ કરવો પડે છે. સરકાર દ્વારા લાગુ કરવામાં આવનાર આ સ્કીમમાં જમીનવગરના ખેડુતોને સામેલ કરવામાં આવનાર નથી. કારણ કે તેમના પર કોઇ બોજ હોતો નથી. કોંગ્રેસ દ્વારા પણ લોકસભા ચૂંટણી પહેલા આ મામલે જોરદાર રીતે આગળ વધનાર છે.ખેડુતોની સંખ્યા ખુબ વધારે છે. જેથી તેમની ભૂમિકા નિર્ણાયક હોય છે.



વર્ષોથી લોન માફી કરવામાં આવી રહી છે છતાં સ્થિતી સુધરી રહી નથી : સ્થિતી કેમ સુધરી રહી નથી તેને લઇને તમામ લોકો પ્રશ્ન કરે છે

કેવું હતું પાછલી સદીનું ૧૯મું વર્ષ?

ઓગણીસમું વર્ષ હંમેશાં ઉંમરનો એક મહત્ત્વપૂર્ણ પડાવ હોય છે. ૧૯ વર્ષના શખ્સને ભલે સંપૂર્ણ રીતે પરિપક્વ ન માનવામાં આવતો હોય, પરંતુ આ એ ઉંમર છે જ્યારે કોઈપણ ગુસ્તાખીને નાદાની કહીને નજરઅંદાજ નથી કરવામાં આવતી. ઉંમરના આ વળાંક પર જવાબદારી પોતાના ખભે ઉઠાવીને ચાલવાનો સમય શરૂ થઈ જાય છે. તે પણ ત્યારે, જ્યારે છાતીમાં આગ હોય છે અને મનમાં હજાર સપનાં. હજારો ખ્વાહિશે ઐસી કિ હર ખ્વાહિશ પે દમ નિકલે. પરંતુ શું જે વાત એક નવયુવાન વિશે કહી શકાય છે તે જ એક સદી માટે પણ કહી શકાય? સદીને તેના નાદાન બાળપણ, જવાની, પરિપક્વતા અને વૃદ્ધત્વના શાણપણથી માપવાનો શોખ આપણા માટે નવો નથી. દરેક સદીની બાલિશતા, તેના તાવ અને તેની ઉપલબ્ધિઓને આ જ રીતે માપવામાં આવે છે.

સદીનું ૧૯મું વર્ષ કેટલું મહત્ત્વપૂર્ણ હોઈ શકે છે, તેને આપણે વધારે સારી રીતે ૨૦મી સદીમાં જોઈ શકીએ છીએ. આ પાછલી સદીનું કદાચ સૌથી મહત્ત્વપૂર્ણ વર્ષ હતું. આ વર્ષે જે થયું, તેણે ઘણી ચીજોને લાંબા સમય માટે બદલી નાખી. આ એ વર્ષ હતું, જ્યારે સ્વર્ગને જમીન પર ઉતારવાનાં કેટલાંય સપનાં પહેલાા વિશ્વયુદ્ધની વિભીષિકાથી બહાર આવેલ દુનિયાની આંખોમાં તરી રહ્યાં હતાં. આ સપનાંની આગે એ સદીને એવો તાવ ચડાવ્યો હતો કે જે બંધ આંખે દેખાઈ રહ્યું હતું, તેને લોકો હકીકત માની બેઠા હતા. દુનિયાની એક બહુ મોટી આબાદી આશ્વસ્ત હતી કે હજુ કેટલાંક ડગલાં ભરીશું ને તેની આગળ સ્વર્ગભૂમિ શરૂ થઈ જશે. તેના માટે દરેક જગ્યાએ જાતજાતના પરચમ લહેરાતા હતા. આ એ જ વર્ષ હતું, જ્યારે આખી દુનિયાને સામ્યવાદી બનાવવાના સપના સાથે કમ્યુનિસ્ટ ઈન્ટરનેશનલની સ્થાપના થઈ. આ જ વર્ષે રશિયાના ગૃહયુદ્ધે ઝડપથી પાંખો ફેલાવી અને એક પછી એક કેટલાંય સોવિયેત ગણરાજ્ય સામે આવવા લાગ્યાં. બદલાવની જિદ આખા પૂર્વી યુરોપમાં જમીન પકડતી દેખાવા લાગી. બદલાવ બીજી જગ્યાએ પણ ટકોરા મારી રહ્યો હતો. બ્રિટિશ સામ્રાજ્યવાદે આ જ વર્ષે અપઘાનિસ્તાન પર હુકૂમત કરવાનું પડી મૂકીને તેને એક આઝાદ દેશ જાહેર કરી દીધો.

પરંતુ બ્રિટિશ સામ્રાજ્ય માટે અસલી પડકાર ભારતમાં પેદા થયો. આપણા સ્વતંત્રતા સંગ્રામમાં વર્ષ ૧૯૧૯ બેહદ મહત્ત્વપૂર્ણ પડાવ છે. આ જ વર્ષે રોલેટ એક્ટ પાસ થયો, જેના વિરોધમાં ઊભા થયેલા અહિંસક આંદોલને પહેલી વાર આઝાદીની લડાઈને એક અખિલ ભારતીય વિસ્તાર આપી દીધો. બ્રિટન માટે આ એક નવો પડકાર હતો, જેને પહોંચી વળવાની રીત તે હજુ શીખ્યું ન હતું. એની જ ખીજમાં અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં જે નરસંહાર કરવામાં આવ્યો, તે બાદમાં બ્રિટિશ સામ્રાજ્યના તાબૂતનો પહેલો ખીલો પણ સાબિત થયો.

યૂરોપ અને ભારત, બંને જગ્યો વર્ષ ૧૯૧૯માં જે આગ ભડકી, તેનાં પરિણામો બે અલગ-અલગ દિશામાં ગયાં. પૂર્વ યૂરોપના આંદોલનને બહુ જલદી મંઝિલ મળી ગઈ, ત્યાં સપનું બહુ મોટું હતું, તેના માટે ચાલેલ હથિયારબંધ લડાઈ થોડા જ વર્ષમાં તેના મુકામ સુધી પહોંચી ગઈ. પરંતુ હકીકતની જમીન પર આવીને તે વધારે ન ચાલ્યું. સદીનો અંત આવતાં આવતાં તે લગભગ સંપૂર્ણ રીતે વિખેરાઈ ગયું. યોગ્ય રીતે તો તે ત્યાં સુધી ચાલ્યું, જ્યાં સુધી તેને પોતાનું અસ્તિત્વ બચાવી રાખવા માટે સંઘર્ષ કરવો પડ્યો. ભારતમાં આ લડાઈ લગભગ ત્રણ દાયકા સુધી ખેંચાઈ. આ કેટલાક બલ્શેવિકો દ્વારા લડાતી જંગ ન હતી. આબાદીનો એક મોટો વર્ગ તેમાં કોઈને કોઈ પ્રકારે સામેલ હતો. આ લાંબી લડાઈએ સમાજને એ રાજકીય પરિપક્વતા પણ આપી, જે લોકતંત્રને ટકાઉ બનાવવાની જરૂરી શરત હોય છે. આ જ કારણ છે કે સામ્યવાદનું સપનું ઈતિહાસની કચરાપેટીમાં પહોંચી ચૂક્યું છે, પરંતુ ભારતનું લોકતંત્ર લોકોને આશા બંધાવી રહ્યું છે. એ પણ સત્ય છે કે ૨૦મી સદીમાં દુનિયા કેટલીય વાર દૂધથી દાઝી, તેથી ૨૧મી સદીની દરેક છાશને તેણે ફૂંકી ફૂંકીને પીધી છે. આ સદીએ આપણને એક એવો સમાજ આપ્યો, જે કોઈ મોટી ક્રાંતિનાં સપનાં નથી જોતો. ૨૦મી સદી વૈજ્ઞાનિક માનસિકતાને સ્થાપિત કરવા માટે ઝઝૂમનારી સદી હતી, જ્યારે ૨૧મી સદી વિજ્ઞાનની ઉપલબ્ધિઓ સાથે રમનારી સદી છે. પાછલી સદીની માનસિકતા એ હતી કે સત્તાનું ચરિત્ર બદલીને ઘણી સમસ્યાઓને હંમેશ માટે ખતમ કરી શકાય છે, હાલની સદી સંસાધનોની જોગવાઈમાં જ ઘણાં હલ શોધી રહી છે. તેથી જે ખટાશ ૨૦મી સદીના ૧૯મા વર્ષમાં હતી, તેની આશા આ સદીના કોઈપણ વર્ષમાં આપણે કદાચ ન રાખી શકીએ. વીસમી સદીનો ભૌતિક તાપ આપણને આશા બંધાવતો હતો, જ્યારે આ સદીનો તાપ આપણને હંમેશાં ડરાવે છે. કદાચ એટલા માટે પણ, કે પાછલી સદીએ જે મૂલ્યો સ્થાપિત કર્યાં તાં, હાલની સદી કેટલીય વાર તેની ઉલટી દિશામાં જતી દેખાય છે. પાછલી સદી ઈતિહાસના બોધથી આધુનિકતા રચવાની વાત કરતી હતી, તો આ સદી અતીતના ગૌરવની વાત કરતાં કેટલીય વાર આધુનિકતા વિરુદ્ધ ઊભી થતી દેખાય છે. પાછલી સદી આંતરરાષ્ટ્રીયતા તરફ વધવાની સદી હતી, જ્યારે ગ્લોબલાઈઝેશનની આ સદી સ્થાનિકતા પર ભાર મૂકવાની સદી છે.

કચ્છમાં પબ્લિક પ્રોસિક્યુટરની થશે નિમણૂક, રાજય સરકારે મંગાવી અરજીઓ

ભૂજ

કચ્છ જિલ્લામાં ભુજ-કચ્છ ખાતે ૧ (એક) મદદનીશ સરકારી વકીલ/એડીશ્નલ પબ્લિક પ્રોસિકયુટરની નવી નિમણુંક કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. જેની નવી જગ્યા ભરવા માટે, ૧૮૯૭૨ના ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૪(૩) તથા લો ઓફીસર્સ રૂલ્સ-૨૦૦૯ના નિયમ ૪(૫) મુજબ પેનલ તૈયાર કરવાની છે. લો ઓફિસર્સ-૨૦૦૯ ના નિયમ ૫(૨) પ્રમાણે જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા વકીલ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

જિલ્લા કોર્ટમાં ઓછામાં ઓછા ૭ વર્ષથી સક્રિય હોવા જોઇએ. ઉમેદવારની ઉમર ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ. ઉમેદવાર પોતાની નિમણુંકના ઓછામાં ઓછી ૩ વર્ષ પૂર્વેની મુદત માટે આવકવેરા કરદાતા હોવા જોઇએ. આ જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોએ અત્રેની કચેરીએથી, કચેરી સમય દરમ્યાન અરજી ફોર્મ તથા ડેકલેરેશન ફોર્મ મેળવી, નિયત નમૂનામાં પોતાની અરજી સાથે જન્મ તારીખ, અનુભવ, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા છેલ્લા ત્રણ વર્ષના આવકવેરા રીર્ટન સામેલ રાખીને રૂ.૨૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી/ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષનું ડેકલેરેશન સાથે કલેટકર કચેરી, જિલ્લા સેવાસદન, ભુજને મોડામાં મોડા તા.૨૫/૧/૨૦૧૯ સુધી મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. અધુરી વિગતવાળી અરજી તેમજ નિયત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ વિચારણા હેઠળ લેવામાં આવશે નહીં. અનુ.જાતિ, અનુસુચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગની લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયમોનુસાર અગ્રતા આપવામાં આવશે.

વિદ્યાર્થીઓમાં પડેલી ક્ષમતા-પ્રતિભાને બહાર લાવવા રાજય સરકાર અનેક પ્રોત્સાહનો આપે છે



અંજાર ખાતે રાજયકક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનો પ્રારંભ કરાવતાં રાજયમંત્રી વાસણભાઈ આહિર

ભુજ,આજે અંજાર ટાઉનહોલ ખાતે કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિકઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા રમતગમત અધિકારી કચ્છ દ્વારા સંચાલિત અંજારની કે.કે.એમ.એસ. ગર્લ્સ હાઇસ્કૂલ સહયોગી રાજયકક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનો રાજયમંત્રી વાસણભાઈ આહિર પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોના કલ્યાણ રાજયમંત્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું કે, અંજારને રાજયકક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા આયોજનનો સોનેરી અવસર પ્રાપ્ત થયો છે. રાજયકક્ષાએ જયારે કચ્છની પસંદગી થતી હોય તે આપણું સદભાગ્ય છે.સદીઓથી ભારતની કલા-સંસ્કૃતિ અને ખેલકૂદની આગવી પરંપરા રહી છે, જેને સ્મરણ ઉમંગ સાથે ચેતનાનો સંચાર થાય છે. ટેકનોલોજીના આજના સમયમાં મોબાઇલ અને ડીજીટલ યુગમાં યુવા વર્ગ લોક કલા-સંસ્કૃતિ અને ખેલકૂદથી અળગો થઈ રહ્યો છે .

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં પડેલી ક્ષમતા-પ્રતિભાને બહાર લાવવા રાજય સરકાર અનેક પ્રોત્સાહનો આપે છે. અંજાર શહેરમાં આવનારા વિદ્યાર્થીઓ દેશ અને દુનિયામાં ભારતનું નામ રોશન કરે તેવી અભિલાષા વ્યકત કરી સૌ યુવાનોને શુભેચ્છા પાઠવી હતી. આ તકે આગામી દિવસોમાં વહીવટી સરળતા પ્રાપ્ત થાય તે માટે પૂર્વ કચ્છના અંજાર શહેરને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણાધિકારીની કચેરી પ્રાપ્ત થાય તે માટેની કાર્યવાહી ચાલુમાં હોવાનું આહિરે જણાવ્યું હતું.

અંજાર સચ્ચિદાનંદન મંદિરના મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજે જણાવ્યું હતું કે, અંજાર ઐતિહાસિક શહેરમાં રાજય સરકાર દ્વારા બાળકોમાં છૂપાયેલી પ્રતિભા બહાર લાવવા જે કાર્યક્રમનું આયોજન કરાયું છે, તેને વધાવી લેતા તેને સફળ બનાવવા સૌને જાગૃતજનોને શિક્ષણ જગતને જહેમત ઉઠાવી આવનારા દિવસોમાં વધુ સારાં કાર્યક્રમોનું અંજાર યજમાન થાય તેવી શુભકામના પાઠવી હતી.

કાર્યક્રમના પ્રારંભે જિલ્લા રમતગમત અધિકારી રોહિતસિંહ પરમારે શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે અંજાર નગરપાલિકા પ્રમુખ રાજેશભાઈ પલણ, શિક્ષણ સમિતિના ચેરમેન કિશોરભાઈ ખટાઉ, શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ દાવડા, ડેનીભાઈ શાહ, ક્રિપાલસિંહ ઝાલા, લવજીભાઈ સોરઠીયા, જયશ્રીબેન, અંજાર પ્રાંત અધિકારી વી.કે.જોષી, નાયબ કલેકટર દેવાંશીબેન ગઢવી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન વિરાજબેન દેસાઇએ જયારે અ ા ભ ા ર દ શ ન કે.કે.એમ.એસ.હાઇસ્કૂલના આચાર્ય દેવરાજસિંહ જાડેજાએ કર્યું હતું.

લોકગાયિકા ગીતા રબારીના ડાયરામાં થયો ડોલરનો વરસાદ

નવસારી

નવસારી ખાતે ગૌ સેવાના લાભાર્થે યોજાયેલો લોકગાયિકા ગીતા રબારીના લોક ડાયરો ફરી એકવાર ડોલરીયો ડાયરો બન્યો હતો. ડાયરો માણવા આવેલા NRIએ અહીં રૂપિયાની જગ્યાએ ડોલરનો વરસાદ કરી ડાયરાને વધાવ્યો હતો.

નવસારીના બી.આર ફાર્મ ખાતે ગૌ સેવાના લાભાર્થે લોક ગાયિકા ગીતા રબારીના ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયરો હોય અને રૂપિયાનો વરસાદ થાય તે હવે સાવ સામાન્ય બાબત બની ગઈ છે. પરંતુ નવસારી ખાતે યોજાયેલ ગીતા રબારીનો ડાયરો ફરી એક વાર ડોલરીયો બન્યો હતો. ગૌ સેવા માટે આયોજિત ડાયરામાં જયારે એક તરફ ૧૫થી ૨૦ લાખ રૂપિયાનો વરસાદ થયો હતો. ત્યારે બીજી તરફ શિયાળાની ઋતુમાં ખાસ માદરે વતનની મુલાકાતે આવતા વિદેશી ભારતીય લોકોએ લોકસેવાની ભાવનામાં વહી જઈ ડોલરનો વરસાદ કર્યો હતો.

ગૌ સેવા સમિતિના અધ્યક્ષ, સાજન ભરવાડે જણાવ્યું હતું કે, દેશ માં ગૌ હત્યા રોકવા માટે અમે કટિબદ્ધ છીએ.ગૌ રક્ષા ના હેતુ માટે ડાયરા નું આયોજન હતું.અંદાજે ૧૫ થી ૨૦ લાખ રૂપિયા ની ડાયરા માં ઓર થઈ છે.ગાય ની રક્ષા અને એમ્બ્યુલન્સ માટે પૈસા વાપરશું.નવસારી ની આજુ બાજુ દ્રઈં આવ્યા હતા.તેઓ ડાયરા મા આવી ડોલર પાઉન્ડ નો વરસાદ કર્યો હતો.

રાજકોટની તરસ છીપાવવા ફરી આવી પહોંચ્યુ સૌની યોજનાનું નર્મદા નીર

મચ્છુ ડેમ સુધીની ૩૦ કિમી લાંબી પાઈપલાઈન મારફત નર્મદા નીર આવવાનું શરુ

રાજકોટ

રાજકોટના આજી ડેમમાં ગત નબળા ચોમાસાના કારણે પાણીનું લેવલ ઘટી જતા અને માત્ર એક માસ માટેનુ પાણી જ હોય આજે સૌની યોજનાથી રાજકોટથી વાકાનેર મચ્છુ ડેમ સુધીની ૩૦ કિલોમીટર લાંબી પાઈપલાઈન મારફત નર્મદા નીર આવવાનું શરૂ થયું છે.

ત્રણ દિવસ પહેલા આ પાણી છોડાયું હતું જે આજે સાંજે રાજકોટના આજી ડેમ આવવાનું શરૂ થયું છે. આજી ડેમમાંથી દૈનિક ૧૨થી ૧૩ કરોડ લિટર પાણીનો ઉપાડ કરાય છે. શહેરની કુલ જરૂરિયાત ૩૦ કરોડની છે. આજી ડેમમાં હાલ દૈનિક ૨૦ એમસીએફટી પાણી ઠલવાશે. મ્યુનિસિપલ સૂત્રોએ જણાવ્યા મુજબ આ પાણી આવવાથી રાજકોટમાં ઉનાળા સુધી દૈનિક ૨૦ મિનિટ પાણી વિતરણ જળવાઈ રહેશે. આજી ડેમમાં હાલ ટોટલ ૯૩૦ એમસીએફટીની ક્ષમતા સામે માત્ર ૨૦૦ એમસીએફટી એમસીએફટી નો સંગ્રહ છે.

દારૂના નશામાં એલઆરડીના પરીક્ષાર્થીઓને લઈ જતાં એસટી બસના ડ્રાઇવરની ધરપકડ

અરવલ્લી

રવિવારે રાજ્યના ૨૪૪૦ પરીક્ષા કેન્દ્રો પર લોક રક્ષક દળની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ માટે એસ.ટી. તંત્ર તરફથી પરીક્ષાર્થીઓને જે-તે શહેરમાં પહોંચાડવા માટે ખાસ વધારાની બસો ફાળવવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે અરવલ્લી જિલ્લામાં એક એસ.ટી. ડ્રાઇવરની અટકાયત કરી છે. ડ્રાઇવર પીધેલી હાલતમાં પરીક્ષાર્થીઓને લઈને જઈ રહ્યો હતો. પોલીસે મોડાસા-ગાંધીનગર એસટી બસના ડ્રાઇવરની દારૂ પીવા બદલ ધરપકડ કરી છે. મોડાસા ડેપો મેનેજરને આ અંગેની જાણ થતાં તેણે પોલીસને જાણી કરી હતી અને ડ્રાઇવરને પોલીસને સોંપી દીધો હતો. દારૂના નશામાં બસ ચલાવીને બસના ડ્રાઇવર ૫૦થી વધારે ઉમેદવારોના જીવ જોખમમાં મૂક્યા હતા. આ મામલે ધનસુપા ખાતે ઉમેદવારોએ હોબાળો કર્યો હતો, જે બાદમાં ડેપો મેનેજરને જાણ કરવામાં આવી હતી. મોડાસે ડેપો મેનેજરની સૂચના બાદ એસટીના ડ્રાઇવર લાલસિંહ જોજાની પોલીસે અટકાયત કરી લીધી હતી. પૂછપરછ દરમિયાન નફ્ફટ બનેલા ડ્રાઇવરે પોલીસે કહ્યું હતું કે, 'હા, થોડું પીધું છે.

વડોદરામાં ભરશિયાળે પાણીનો કકળાટ: એક કલાકને બદલે ૨૦ મિનિટ જ મળે છે પાણી

વડોદરા

સ્માર્ટ સિટી વડોદરા મહાનગર સેવાસદન શહેરીજનોને નિયમ પ્રમાણે પીવા માટે વ્યક્તિ દીઠ દૈનિક ૨૦થી ૩૦ લિટર અને વપરાશ માટે ૧૫૦ લિટર પાણી આપવામાં નિષ્ફળ પુરવાર થયું છે. શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ભરશિયાળે ઓછા પ્રેશરથી અને દૂષિત પાણી મળતું હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી છે.

કોર્પોરેશન ૫૫ મિનિટ પાણી આપવાને બદલે માંડ ૧૫થી ૨૦ મિનિટ પાણી પૂરું પાડે છે. કોર્પોરેશન દ્વારા ગેરકાયદે પાણીના જોડાણો કાપવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ૪૫૦ જેટલા જોડાણો કાપીને સંતોષ માન્યો છે. તો બીજી તરફ ઘણા લોકો પાણીનો પ્રશ્ન હલ કરવા ગેરકાયદે જોડાણો પણ જોડી રહ્યા છે. જ્યારે અમુક વિસ્તારમાં લોકો ટેકરો દ્વારા પાણી મંગાવી રહ્યા છે. વડોદરા મહાનગર સેવા સદનના પાણી પુરવઠા વિભાગના અધિકારી અલ્પેશ મજમુદારે જણાવ્યું હતું કે, શહેરમાં પ્રતિદિન ૫૦૦ મિલિયન લિટર પાણીની માંગ છે. કોર્પોરેશન દ્વારા ખાનપુર, મહિસાગર અને આજવા સરોવર દ્વારા શહેરીજનોને પાણી પૂરું પાડવામાં આવે છે. ચાલુ વર્ષે વરસાદની ઘટ હોવાથી આજવા સરોવરમાં પાણીનું લેવલ ઓછું છે. શહેરના ૧૫થી ૨૦ ટકા વિસ્તારમાં પૂરતા પ્રેશરથી પાણી મળતું ન હોવાની ફરિયાદો છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલે જણાવ્યું કે, શહેરીજનોને પૂરતા પ્રેશરથી અને શુદ્ધ પાણી મળવું જોઈએ. જે વિસ્તારમાં ઓછા પ્રેશરથી અને દૂષિત પાણી મળે છે, તે વિસ્તારમાં ત્વરીત કામગીરી કરવામાં આવે છે. દરમિયાન આગામી દિવસોમાં શહેરીજનોને પૂરતા પ્રેશરથી અને શુદ્ધ પાણી મળે તે માટે નક્કર આયોજન કરવામાં આવી રહ્યું છે.

યુવક લાઈફ કેર હોસ્પિટલમાં કામ કરતો હતો

રાજકોટમાં ડોક્ટરની દાદાગીરી: ૨૨ દિવસથી ગુમ યુવકને માર મારતો વીડિયો વાયરલ

નિરાધાર યુવકને માર્યો માર અને બનાવ્યો વીડિયો,પોલીસે આરોપી ડૉક્ટરની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી

રાજકોટ

રાજકોટમાં આવેલી લાઈફ કેર હોસ્પિટલમાં કામ કરતો એક યુવક છેલ્લા ૨૨ દિવસથી ગુમ થઈ ગયો છે. પરિવારના લોકોએ યુવકને શોધી કાઢવા માટે અનેક રજુઆતો કરી છે. મળતી માહિતી પ્રમાણે ગુમ યુવક સૂત્રાપાડાના પ્રાસલી ગામનો મયુર મોરી છે. બીજી તરફ યુવકનો એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. પોલીસે આ મામલે હોસ્પિટલના એક ડોક્ટરની અટકાયત કરીને તેની પૂછપરછ શરૂ કરી છે. બીજી તરફ ડોક્ટરે પણ પોલીસમાં યુવક વિરુદ્ધ બે અરજી આપી છે.

એક તરફ યુવક લાપતા થયો છે ત્યારે તેનો એક ચોંકવનારો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં હોસ્પિટલના ડોક્ટર શ્યામ રાજાણી એક કારમાં ગુમ થયેલા યુવકને કેદ કરીને માર મારી રહ્યા છે. વીડિયો સામે આવ્યા બાદ પોલીસે ડોક્ટરની અટકાયત કરીને તેની પૂછપરછ શરૂ કરી છે. યુવકને એક ઠેંફ કારમાં કેદ કરીને તેને માર મારવામાં આવ્યો હતો. પોલીસે આ કારનો પણ કબજો લીધો છે. ડોક્ટર યુવકને માર મારી રહ્યા હતા ત્યારે તેને સહકર્મીએ આ અંગેનો વીડિયો ઉતાર્યો હતો. ડોક્ટરના સહકર્મી તરફથી જ આ વીડિયો વાયરલ કરવામાં આવ્યો હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ગુમ થયેલા યુવકને એક ઠેંફ કારમાં કેદ કરીને રાખવામાં આવ્યો છે. કારમાં યુવક સિવાય ત્રણ લોકો સવાર છે. જેમાં બે લોકોએ યુવકને પાછળની સીટમાં વચ્ચે બેસાડી રાખ્યો છે. આગળની સીટમાં બેસી રહેલો યુવક મારપીટનો વીડિયો ઉતારી રહ્યો છે.

પાછળની સીટમાં બેઠેલા બંને લોકો યુવકે માર મારી રહ્યા છે. તેમજ તેને કોઈ વાત કબૂલ કરવાનું વાત કહી રહ્યા છે. આ દરમિયાન યુવકને સાકળથી પણ માર મારવામાં આવે છે તેમજ તેના હાથ બાંધીને તેને માર મારવામાં આવી રહ્યો છે. પાછળની સીટમાં બેઠેલા બંને લોકો યુવક સાથે ગાળાગાળી કરી રહ્યા છે.

ગુમ થયેલા યુવકની સાથે કામ કરનાર એક યુવકે જણાવ્યું હતું કે ડોક્ટરના કોઈ પુરાવા મયુર પાસે હતા. ડોક્ટરના છૂટાછેડા થવા પાછળ મયુરને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો, આ માટે જ તેને માર મારવામાં આવ્યો હતો. યુવકના જણાવ્યા પ્રમાણે મયુરના મોબાઈલમાં ડોક્ટર વિરુદ્ધ ઘણા પુરાવા હતા. આ પુરાવાને કારણે ડોક્ટરના છૂટાછેડા થયા હતા.

અમિત શાહ જાન્યુ.માં ત્રણ વાર મહારાષ્ટ્રની મુલાકાતે આવશે

વડાપ્રધાન મોદી નવ જાન્યુ.એ મહારાષ્ટ્રના સોલાપુરની મુલાકતે જશે

મુંબઈ

લોકસભાની ચૂંટણી નજીક આવતા દરેક પક્ષને ઉત્તર પ્રદેશ મહારાષ્ટ્ર સૌથી પહેલા યાદ આવશે કારણ કે આ બન્ને રાજ્યો કોઈ પણ પક્ષની હારજીતમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. ઉત્તર પ્રદેશની ૮૦ બેઠક બાદ મહારાષ્ટ્રની ૫૮ બેઠક દેશમાં સૌથી વધારે છે. ૨૦૧૪માં ભાજપ-શિવસેના અને ઘટકપક્ષોને મહારાષ્ટ્રએ ૪૦ બેઠક આપી હતી, જે નિર્ણાયક સાબિત થઈ હતી. ફરી આવી જ સફળતા મળે તે માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ મહારાષ્ટ્રની મુલાકાતે આવવાના છે. વડા પ્રધાન નવ જાન્યુઆરીએ સોલાપુરની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે અમિત શાહ જાન્યુઆરીમાં ત્રણ વાર મહારાષ્ટ્રના લાતુર, સાંગલી અને નાગપુરની મુલાકાતે આવશે.

તાજેતરમાં યોજાયેલી પાંચ રાજ્યની ચૂંટણીના પરિણામો ભાજપ માટે સકારાત્મક નથી, પરંતુ ૨૦૧૪ બાદ મહારાષ્ટ્રમાં થયેલી ગ્રામ પંચાયતથી માંડી મ હ ા ન ગ ર પ ા લ િ ક ા ની ચૂંટણીઓમાં ભાજપે સારો દેખાવ કર્યો છે, આથી મહારાષ્ટ્ર પર ભાજપે ધ્યાન કેન્દ્રીત કરવાનું નક્કી કર્યું છે. મોદીએ થોડા સમય પહેલા જ કલ્યાણ-પુણેની મુલાકાત લઈ લોકોને સંબોધ્યા હતા અને વિવિધ પ્રોજેક્ટ હાથ ધર્યા હતા. હવે મોદી સોલાપુર ખાતે આવી રહ્યા છે. મોદી લોકસભાની ચૂંટણી પહેલા સોસભા ગજાવવાના છે.

ભાજપના નેતાઓ મહારાષ્ટ્રની મુલાકાતે આવે ત્યારે શિવસેનાના પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરે ફરી દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે જશે. તેઓ પણ નવ તારીખથી જ પોતાની ટૂર શરૂ કરશે અને મરાઠવાડા અને વિદર્ભની મુલાકાતે આવશે.

લજાઈમાં ટેન્કરે એક્ટિવાને ટક્કર મારતા યુવકનું કરૂણ મોત

ચોટીલા પાસે બેફામ ટ્રકે બે પદયાત્રીને કચડી નાંખતા મોતને ભેટ્યા

મોરબી/ચોટીલા

મોરબીમાં રવિવારે વહેલી સવારે ટેક્કરે એક્ટિવાને હડફેટે લેતા યુવાનનું મોત થયાની ઘટના બની છે. બેયુવાનો રાજકોટથી મોરબી તરફ જતા હતા ત્યારે ટેક્કરે ટક્કર મારી હતી. આ જ સયમે વધુ બે કારનો અકસ્માત સર્જાયો હતો. જેમાં બે કાર સામ સામે અથડાઈ હતી. સુત્રોના જણાવ્યા પ્રમાણે મૃતક યુવકની લાશને હોસ્પિટલ લઈ જવાય એ પહેલા જ આ જગ્યાએ ફરી અકસ્માત સર્જાયો હતો. આજ રોડ ઉપર ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. ત્રીપલ અકસ્માતના પગલે મોરબી રાજકોટ હાઈવે રક્ત રંજીત થયો હતો. આ ઉપરાંત ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે ઉપર બામણબોર પાસે બે પદયાત્રીઓને ટ્રક ડ્રાઈવરે હડફેટે લેતાં બંને પદયાત્રીઓના ઘટના સ્થળે મોત નીપજ્યા છે. મળતી માહિતી પ્રમાણે રવિવારે વહેલી સવારે બે યુવકો એક્ટિવા લઈને રાજકોટથી મોરબી તરફ જઈ રહ્યા હતા. ત્યારે લજાઈ નજીક આવેલા હોનેસ્ટ હોટેલ પાસે ટેક્કરે હડફેટે લીધા હતા. ટેક્કરની હડફેટે આવી જતાં એક્ટિવા પર સવાર બે યુવક પૈકી એકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. ઓવર ટેક કરવા જતાં ટેક્કરે એક્ટિવાને હડફેટે લીધું હતું. ઘટનાના પગલે સ્થાનિક લોકોના ટોળા એકઠા થયા હતા. નવાઈની વાત તો એ છે કે હજી મૃતક યુવકની લાશને હોસ્પિટલ લઈ જવામાં આવે ત્યાં એજ જગ્યાએ વધુ બે કારનો અકસ્માત સર્જાયો હતો. આ જ જગ્યાએ આઈ૧૦ અને બલેનો કાર સામસામે અથડાઈ હતી. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાની થઈ ન્હોતી. એક જગ્યાએ ટ્રિપલ અકસ્માત સર્જાતા મોરબી રાજકોટ હાઈવે રક્ત રંજીત થયો હતો. આ ઉપરાંત ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે ઉપર બામણબોર પાસે બે પદયાત્રીઓને ટ્રક ડ્રાઈવરે હડફેટે લેતાં બંને પદયાત્રીઓના ઘટના સ્થળે મોત નીપજ્યા છે. અકસ્માત સર્જીને ટ્રક ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. બંને પદયાત્રીઓ રાજકોટના હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથધરી હતી.

એલઆરડીની પરીક્ષા આપવા જતાં ઉમેદવારનું બાઇક ઝાડ સાથે અથડાતા મોતને ભેટ્યો

અરવલ્લી

લોક રક્ષક દળની પરીક્ષા આપવા જતાં એક ઉમેદવારનું પરીક્ષા આપે તે પહેલાં જ મોત થયું છે. આ દુ:ખદ બનાવ અરવલ્લી જિલ્લાના બાયડના સરસોલી ખાતે બન્યો હતો. અહીં એક પરીક્ષાર્થીનું બાઇક ઝાડ સાથે અથડાતા તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું.

મળતી માહિતી પ્રમાણે રવિવારે યોજાયેલી લોક રક્ષક દળની પરીક્ષા માટે માલપુરના મગોડી ગામનો વિપુલ ખાંટ નામનો યુવક બાઇક પર સવાર થઈને કપડવંજ જઈ રહ્યો હતો. આ દરમિયાન બાયડના સરસોલી ગામ ખાતે તેનું બાઈક એક ઝાડ સાથે ટકરાયું હતું.

બાઈક ઝાડ સાથે અથડાયા બાદ વિપુલના માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. જે બાદમાં તેનું સ્થળ પર જ મોત થઈ ગયું હતું. નોંધનીય છે કે અરવલ્લી જિલ્લામાં એલઆરડીની પરીક્ષા માટે કોઈ જ કેન્દ્ર આવ્યું નથી.

પશ્ચિમ બંગાળ ભાજપના પ્રદેશ અધ્યક્ષનું ચોંકાવનારુ નિવેદન

મમતા બેનર્જીની પ્રથમ બંગાળી વડાપ્રધાન બનવાની હકારાત્મક સંભાવનાઓ

કોલકાત્તા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસી ચીફ મમતા બેનર્જીએ શનિવારના રોજ પોતાનો જન્મદિવસ મનાવ્યો. દેશભરમાંથી તેમને શુભકામનાઓ મળી. પરંતુ આ શુભકામનાઓમાં પશ્ચિમ બંગાળના ભાજપાના પ્રદેશ અધ્યક્ષ દિલીપ ઘોષને આપી છે, તેનાથી ભાજપ માટે જ અસહજ સ્થિતિ ઉભી થઇ ગઇ છે. દિલીપ ઘોષે મમતાને જન્મદિવસની શુભેચ્છા પાઠવતા કહ્યું કે મુખ્યમંત્રી મમતા બેનર્જીને દેશના પહેલાં બંગાળી વડાપ્રધાન બનાવાની સારી સંભાવનાઓ છે.

મમતાને જન્મદિવસની શુભકામનાઓ આપતા ઘોષે કહ્યું કે મેં તેમની સારી તંદુરસ્તી અને જિંદગીમાં સફળતાની દુઆ કરું છું. અમારા રાજ્યનું ભવિષ્ય તેમની સફળતા પર નિર્ભર કરે છે.

તેમણે કહ્યું કે જો કોઇ બંગાળીના પીએમ બનવાની સંભાવનાઓ છે તો એક એ જ છે. અમે ઇચ્છીએ છીએ કે તેઓ ફિટ રહે જેથી કરીને તેઓ કામ કરી શકે. તેમના ફિટ રહેવાની જરૂર છે. દિલીપ ઘોષના આ નિવેદનથી બંગાળના રાજકારણમાં ભૂકંપ આવી ગયો છે. તેમણે કહ્યું કે જ્યોતિ બસુની પાસે એક સારી તક હતી વડાપ્રધાન બનવાની, પરંતુ તેમણે આ મોકો ગુમાવી દીધો. તેમની પાર્ટીએ જ તેમને વડાપ્રધાન બનવા ના દીધા.

કૉંગ્રેસે તેમના આ નિવેદન પર કટાક્ષ કરતાં કહ્યું કે હવે ભાજપ નેતા પણ માનવા લાગ્યા છે કે નરેન્દ્ર મોદી અગલી બાર વડાપ્રધાન બનશે નહીં. કૉંગ્રેસ નેતા અબ્દુલ મન્નાને કહ્યું કે એક ભાજપ પ્રદેશ અધ્યક્ષ દ્વારા આ નિવેદન આપવાનો સંકેત સ્પષ્ટ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અગલી બાર વડાપ્રધાન બનશે નહીં.

કુંભમેળો ૧૫ જાન્યુ.ના રોજ શરુ થશે

એર ઈન્ડિયા કુંભમેળા માટે અલગ-અલગ શહેરોમાંથી સ્પેશિયલ ફ્લાઈટ્સ શરુ કરશે

ન્યુ દિલ્હી

એર ઈન્ડિયા કુંભમેળા માટે અલગ અલગ શહેરો અને અલાહાબાદ વચ્ચે વિશેષ ફ્લાઈટનું સંચાલન શરુ કરશે. કુંભ મેળો ૧૫ જાન્યુઆરીના રોજ શરુ થશે અને ૩૧ માર્ચ સુધી ચાલશે. હાલમાં અલાહાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરી દેવામાં આવ્યું છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું કે વિશેષ ફ્લાઈટ ૧૩ જાન્યુઆરીથી ૩૦ માર્ચ વચ્ચે સંચાલિત થશે. આ સ્પેશિયલ ફ્લાઈટ્સ દ્વારા અલ્હાબાદને દિલ્હી, અમદાવાદ અને કોલકત્તા સાથે જોડવામાં આવશે. દિલ્હી-અલ્હાબાદ ફ્લાઈટનું સંચાલન સોમવાર, બુધવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારના રોજ કરવામાં આવશે. અલ્હાબાદ-અમદાવાદ ફ્લાઈટનું સંચાલન બુધવાર અને શનિવારના રોજ થશે જ્યારે અલ્હાબાદ-કોલકત્તા ફ્લાઈટનું સંચાલન શુક્રવાર અને રવિવારના રોજ થશે. દુનિયાના સૌથી મોટા ધાર્મિક સમાગમ કુંભ મેળાનું આયોજન ગંગા, યમુના અને અદ્રશ્ય સરસ્વતી સંગમ પર થાય છે.

આરટીઆઈમાં ખુલાસો,કાઉન્સિલની પ્રક્રિયામાં ૨.૬૬ કરોડ ખર્ચ

થયો સરકારને ૪ કરોડથી વધુની આવક

નીટ કાઉન્સિલિંગના નામે સરકારે કરોડો વસૂલ્યાં, ફી નિર્ધારણ પર ઉઠ્યાં સવાલો

ન્યુ દિલ્હી

દેશભરની મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે લેવામાં આવતી નીટ (National Eligibility cum Entrance Test) ની પરીક્ષામાં ગત વર્ષે (૨૦૧૮-૧૯ સત્ર) પહેલી વાર ઉમેદવારો પાસેથી કાઉન્સિલિંગ માટે રજિસ્ટ્રેશન ચાર્જ લેવામાં આવ્યો હતો. માત્ર પીજીના કાઉન્સિલિંગ માટે ૧,૧૪,૧૯૮ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેની મારફતે સરકારની તિજોરીમાં ૬.૭૨ કરોડ (૬,૭૨,૧૯,૦૦૦) રૂપિયા જમા થયાં હતાં. મહત્વની વાત એ છે કે, આ રજિસ્ટ્રેશન ચાર્જ કયા આધાર પર નક્કી કરવામાં આવ્યો તેનું કોઈ જ પ્રમાણ નથી.

આ વાતનો ઘટસ્ફોટ એક આરટીઆઈ દ્વારા કરવામાં આવ્યો છે. આરટીઆઈ માંથી પ્રાપ્ત થતી જાણકારી મુજબ ગત વર્ષે કાઉન્સિલિંગ પ્રક્રિયા પર કુલ ૨.૬૬ કરોડનો ખર્ચ થયો હતો, જેની સામે સરકારને માત્ર પીજીની રજિસ્ટ્રેશન ફી માંથી જ ૪ કરોડથી વધારેની આવક થઈ હતી. તેમ છતાં રજિસ્ટ્રેશન ચાર્જના રૂપમાં દરેક ઉમેદવાર પાસેથી ૧૦૦૦ રૂપિયા કયા માપદંડને આધારે વસૂલ્યા તેની કોઈ જાણકારી નથી.

તમને જણાવી દઈએ કે, ગત વખતે નીટના કાઉન્સિલિંગમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન ચાર્જ લેવાનો નિર્ણય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના ચિકિત્સા પરામર્શ સમિતિની સહમતિથી લેવામાં આવ્યો હતો. ૨૦૧૮ પહેલા ઉમેદવારો પાસેથી કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો ન હતો.

આરટીઆઈથી મળેલી જાણકારી મુજબ ૨૦૧૮માં રજિસ્ટ્રેશન ચાર્જના રૂપમાં સરકારની તિજોરીમાં આવેલા નાણાં કયા અને કેવી રીતે ખર્ચ કરવાના છે, હાલ તેની કોઈ જાણકારી નથી. ન તો આ અંગે કોઈ દિશા-નિર્દેશ નક્કી કરવામાં આવ્યાં છે.

ભાજપ પૂર્વોત્તરના રાજ્યોની ૨૫ બેઠકોમાંથી ૨૧ પર જીત મેળવશેઃ શાહ

ભાજપ આગામી લોકસભા ચૂંટણી વિકાસ, સુરક્ષા, દેશના આત્મસન્માન જેવા મુદ્દાઓ પર લડશે

ન્યુ દિલ્હી

ભાજપના અધ્યક્ષ અમિત શાહે કહ્યુ છે કે પાર્ટી આગામી લોકસભા ચૂંટણી વિકાસ, સુરક્ષા અને દેશના આત્મસમ્માન જેવા મુદ્દાઓ પર લડશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને ત્રણસોથી વધુ બેઠકો પર જીત મળશે અને વડાપ્રધાન મોદીની સત્તા યથાવત રહેશે. મહત્વપૂર્ણ છે કે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૨૮૨ બેઠકો પર જીત મળી હતી.

અમિત શાહે કહ્યુ છે કે અયોધ્યામાં રામમંદિર નિર્માણની વાત છે. તો કોંગ્રેસ ઈચ્છતી નથી કે આ મામલો ઝડપથી ઉકેલાય. ભાજપની ઘોષણા મુજબ તેઓ ચાહે છે કે રામમંદિરનું નિર્માણ થાય. પરંતુ કાયદાની મર્યાદામાં રહીને તેઓ આમ થાય તેવું ઈચ્છી રહ્યા છે. અમિત શાહે દાવો કર્યો છે કે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પરિદ્રશ્યમાં મોટું પરિવર્તન થશે. પશ્ચિમ બંગાળમાં ૪૨માંથી ૨૩થી વધુ લોકસભા બેઠકો પર ભાજપને જીત મળશે. તેમણે દાવો કર્યો છે કે ભાજપ પૂર્વોત્તરના રાજ્યોની ૨૫ લોકસભા બેઠકોમાંથી ૨૧ પર જીત પ્રાપ્ત કરશે.

ભાજપના વિરોધી દળોના એકજૂટ થવાના મામલે અમિત શાહે કહ્યુ હતુ કે કોંગ્રેસનું મહાગઠબંધન મજબૂર સરકાર આપશે અને મોદીના નેતૃત્વમાં ભાજપ મજબૂત સરકાર આપી શકે છે. તેમણે કહ્યુ છે કે મોદી સરકારે આખા દેશમાં વિકાસ સંદર્ભે ઘણું કામ કર્યું છે. પરંતુ દેશની સુરક્ષાને મજબૂત કરવી વધુ ઉલ્લેખનીય કામગીરી છે. અમિત શાહે કહ્યુ છે કે અમેરિકા અને ઈઝરાયલના સૈનિકો પર હુમલો થાય છે. તો તેનો બંને દેશોના સૈનિકો દ્વારા તાત્કાલિક જવાબ આપવામાં આવે છે.

૨૦૧૪માં ભાજપની સરકાર બન્યા બાદ અમેરિકા અને ઈઝરાયલ બાદ ભારત દુનિયાનો આવો ત્રીજો દેશ બની ગયો છે. અમિત શાહે દાવો કર્યો છે કે પાકિસ્તાનની અંદર સર્જિકલ સ્ટ્રાઈક કરીને વડાપ્રધાન મોદીએ મજબૂત ભારતની અવધારણા રજૂ કરી છે. ૨૦૧૬માં જમ્મુ-કાશ્મીરના ઉરીમાં ભારતીય સેનાના ઠેકાણાઓ પર હુમલા બાદ ભારતે સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી.

આત્મસમર્પણ નક્સલીઓમાં ત્રણ મહિલાઓનો પણ સમાવેશ

મહારાષ્ટ્રના ગઢચિરોળીમાં સાત નક્સલિઓએ કર્યું આત્મસમર્પણ

નાગપુર

મહારાષ્ટ્રના ગઢચિરોળી જિલ્લામાં શનિવારે સાત નક્સલિઓએ આત્મ સમર્પણ કર્યું છે. જેના પર કુલ રૂપિયા ૩૧.૫૦ લાખનું ઈનામ રાખવામાં આવ્યું હતું. આ નક્સલિઓમાં ૩ મહિલાઓ પણ હતી.

પોલીસે જણાવ્યું કે, વિકાસ ઉર્ફે સાધુ પોધાદી છતીસગઢ કોડેલાયેર 'જન મિલિશિયા દલમ'ના સભ્ય હતો. તેની સુરક્ષાદળોની સાથે અથડામણ થઈ હતી. આ મહિલાઓમાંથી એક પર ૪ લાખ રૂપિયાનું ઈનામ હતું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, મહિલા નક્સલિ વૈશાલી બાબુરાવ વેદાદી (૧૮) ભામરાગઢ દલમની સભ્ય હતી અને તેના પર સાડા ચાર લાખ રૂપિયાનું ઈનામ હતું.

વધુમાં અધિકારીએ જણાવ્યું કે, આ પ્રકારે મોહન ઉર્ફે દુસા કેસા કોવસીએ ૯ હત્યા અને ૨ અથડામણમાં સંડોવાયેલો હતો. તો નવીન ઉર્ફે અશોક પેકા ગત્તા દલમનો સભ્ય હતો અને તેના પર પણ ૪ લાખ જેટલું ઈનામ રાખવામાં આવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું કે, દુર્ગા ગેબા પુંગાતી ટીપાગઢ દલમની સભ્ય હતી અને તેના પર રૂપિયા પાંચ લાખ જેટલું ઈનામ રાખવામાં આવ્યું હતું.

વડાપ્રધાન કોઈનું સાંભળતા જ નથી

વડાપ્રધાન મોદી બિલકુલ નકામા માણસ છેઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર ફરી તીખા પ્રહારો કર્યા છે. તેમણે રાફેલ ડીલ, નોટબંધી અને જીએસટી સંદર્ભે પીએમને નકામા માણસ ગણાવ્યા છે અને તેઓ કોઈનું સાંભળતા નથી તેમ પણ કહ્યું છે.

રાહુલ ગાંધીએ નોટબંધી અને જીએસટીને લઈને શનિવારે ટ્વીટ કરીને પીએમ મોદી પર નિશાન સાધ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે ભારતની વૃદ્ધિની વાર્તા લખી છે. મોદીએ તેને નોટબંધી અને ગબ્બર સિંહ ટેક્સ દ્વારા સંપૂર્ણ રીતે નષ્ટ કરી દીધી છે. તેઓ એક નકામાં માણસ છે અને તેઓ કોઈની પણ સાંભળતા નથી.

એટલું જ નહી કોંગ્રેસ અધ્યક્ષે ફેસબુક પોસ્ટ કરીને પણ વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા હતા. તેમણે લખ્યું હતું કે, કોંગ્રેસ સરકાર દ્વારા કરાયેલી દેવા માફી અંગે મોદીજી છાતી ઠોકી રહ્યા છે, તેઓ કહે છે કે, કોંગ્રેસ માટે ખેડૂત વોટ બેંક છે. હવે ગુજરાતના ખેડૂતોની સ્થિતિ જોઈએ તો ભાજપના રાજમાં ખેડૂતો સંકટમાં છે. ભાવનગરના ખેડૂતો સિંચાઈ અને ખેતી પર ખરાબ અસરને લીધે માઈનિંગનો વિરોધ કર્યો તો ગુજરાત પોલીસે ખેડૂતોની સ્થિતિ બદતર કરી નાંખી હતી. મંદસૌરથી ભાવનગર સુધી ભાજપનું ખેડૂત વિરોધી ચરિત્ર સામે છે.

ભાજપે નિયુક્ત કર્યા પ્રભારી, નડ્ડાને સોંપી યૂપી અને નિર્મલા સીતારમણને દિલ્હીની કમાન

ન્યુ દિલ્હી

આગામી લોકસભા ચૂંટણીને લઈને રાજકીય ગરમાગરમી વચ્ચે હવે રાજકીય પક્ષોએ તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કર્યું છે. ભાજપે શનિવારે કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે.પી.નડ્ડા અને કેન્દ્રીય રેલવે પ્રધાન પિયૂષ ગોયલને ઉત્તર પ્રદેશ તથા તમિલનાડુ માટે લોકસભા ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. આ પહેલા ભાજપે ૧૭ રાજ્યો માટે આવા પ્રકારની નિમણૂક કરી હતી.

પાર્ટી સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે ગુજરાત ભાજપના નેતા ગોરધન ઝડફિયા ઉત્તરપ્રદેશ માટેના પાર્ટીના છ સહ-પ્રભારીઓમાંથી એક હશે. તેમણે કહ્યુ છે કે યુપી જેવા મોટા રાજ્યોમાં ઘણાં સહપ્રભારીની જરૂરત છે. પહેલા અહેવાલો આવ્યા હતા કે ઝડફિયા યુપીના પ્રભારી હશે. અત્યાર સુધીમાં ભાજપે યુપી માટે ત્રણ સહપ્રભારીઓની નિયુક્તિ કરી છે. ભાજપે એક નિવેદનમાં જણાવ્યું છે કે જે. પી. નડ્ડા લોકસભા ચૂંટણી માટે ઉત્તરપ્રદેશ ખાતે પાર્ટીના પ્રભારી હશે.

ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં નિર્મલા સીતરમન દિલ્હીના, ભૂતપૂર્વ પ્રધાન કલરાજ મિશ્રા હરિયાણા, અવિનાશરાય ખન્નાને ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની ભાજપ પ્રભારી તરીકેની જવાબદારી આપી છે. પરંતુ આ રાજ્યો માટે અન્ય કેટલાક વરિષ્ઠ નેતાઓ પ્રભારી હશે. પિયૂષ ગોયલને તમિલનાડુ, પુડુચેરી અને અંદમાન-નિકોબાર ટાપુસમૂહની જવાબદારી આપવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભાજપના મહાસચિવ મુરલીધરરાવ કર્ણાટક ખાતે લોકસભાની ચૂંટણી માટે પાર્ટી પ્રભારી હશે.

ખરેખર...૨૦૧૮માં ૧ કરોડ ૧૦ લાખ ભારતીયોએ નોકરી ગુમાવી....!!!?

ન્યુ દિલ્હી

૨૦૧૮ના વર્ષમાં કમજોર સમૂહો સાથે સંબંધિત વ્યક્તિઓ નોકરીના નુકસાનથી સૌથી વધારે પ્રભાવિત થયા હતા. ૨૦૧૮માં એક કરોડ દશ લાખ ભારતીયોએ નોકરી ગુમાવી છે. આ રિપોર્ટમાં દાવો કરાયો છે કે ૨૦૧૮માં ભારતમાં બેરોજગારી વધી છે.

રોજગારના મામલે યુવાવર્ગ માટે ૨૦૧૮નું વર્ષ ઘણું ખરાબ રહ્યું હતું. ૨૦૧૮માં લગભગ એક કરોડ દશ લાખ ભારતીયોએ પોતાની નોકરીઓ ગુમાવી પડી હતી. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના રિપોર્ટમાં આના સંદર્ભે દાવો કરવામાં આવ્યો છે. આમા સૌથી વધુ કમજોર સમૂહ સાથે સંબંધિત લોકોને નુકસાન થયું છે. દેશમાં બેરોજગારોની સંખ્યામા ઝડપથી વધારો થઈ રહ્યો છે.

સીએમઆઈઈના રિપોર્ટમાં ડિસેમ્બર-૨૦૧૭માં નોકરીઓ કરનારાઓની સંખ્યા ૪.૩૯ કરોડ હતી..તે ડિસેમ્બર-૨૦૧૮માં ઘટીને ૩.૯૭ કરોડ થઈ હતી. આ એક વર્ષમાં નોકરીઓમાં ૧.૦૯ કરોડનો ઘટાડો થયો છે. આમા સૌથી વધુ નોકરીઓ કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોની ગઈ હોવાનું રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે. આ રિપોર્ટ મુજબ.. સૌથી વધુ ૯૧ લાખ નોકરીઓ ગ્રામીણ ભારતમાં અને ૧૮ લાખ નોકરીઓ શહેરી ભારતમાં ગઈ હોવાનો દાવો કરાયો છે. ગ્રામીણ ભારતમાં બે તૃતિયાંશ વસ્તી વસવાટ કરે છે. જયારે નોકરીઓ જવાના મામલામાં ગ્રામીણ ભારતનો હિસ્સો ૮૪ ટકાનો હતો. ૨૦૧૮માં નોકરીઓ ગુમાવવાના મામલાની મહિલાઓ પર ખાસી અસર થઈ છે. ૮૮ લાખ મહિલાઓ અને ૨૨ લાખ પુરુષોએ ૨૦૧૮માં પોતાની નોકરીઓ ગુમાવી હતી. ગ્રામીણ ક્ષેત્રની લગભગ ૬૫ લાખ મહિલાઓએ પોતાની નોકરીઓ ગુમાવવી પડી છે. જયારે શહેરી વિસ્તારમાં ૨૩ લાખ મહિલાઓને નોકરી ગુમાવવી પડી છે. રિપોર્ટમાં દાવો કરાયો છે કે ૨૦૧૮માં શહેરોમાં પાંચ લાખ અને ગ્રામીણ ભારતમાં ૨૩ લાખ પુરુષોની નોકરીઓ ગઈ હતી. આ રિપોર્ટ મુજબ ૪૦થી ૫૯ વર્ષના વયજૂથના લોકોની નોકરી ૨૦૧૮માં ટકી શકી હતી. પરંતુ અન્ય વયજૂથના લોકોની નોકરીઓ સંકોચાઈ હતી. રિપોર્ટ મુજબ. પગાર મેળવનારા લગભગ ૩૭ લાખ લોકોની નોકરીઓ ૨૦૧૮માં ચાલી ગઈ હતી. રિપોર્ટ જણાવે છે કે ભારતમાં ૨૦૧૮માં બેરોજગારીનો દર ૭.૪ ટકા હતો. આ બેરોજગારીનો છેલ્લા ઘણાં સમયગાળામાં વધારે રહ્યો હતો.

અમેરિકન કંપનીઓએ ડિસેમ્બરમાં ૩,૧૨,૦૦૦ લોકોને નોકરી આપી

ન્યૂયોર્ક

અમેરિકન કંપનીઓ દ્વારા ડિસેમ્બરમાં ૩,૧૨,૦૦૦ નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું છે. વેપાર યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે નોકરીની તકોમાં વૃદ્ધિ થવી અમેરિકન અર્થતંત્ર માટે સારા સંકેત છે. જો કે અમેરિકાના શ્રમ મંત્રાલયના જણાવ્યા અનુસાર બેકારીનો દર વધીને ૩.૯ ટકા થયો હોવા છતાં ડિસેમ્બરમાં નવી નોકરીઓની સંખ્યા વધવી તે એક સારી બાબત છે. એક કલાકના સરેરાશ વેતનમમાં ગયા વર્ષની સરખામણીમાં ૩.૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. હેલ્થકેર, ફૂડ સર્વિસીસ, કન્સ્ટ્રકશન અને મેન્યુફેકચરિંગ સેક્ટર દ્વારા સૌથી વધુ નોકરી આપવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચીન અને અમેરિકા વચ્ચે ચાલતા વેપાર યુદ્ધને કારણે બંને દેશોમાં મેન્યુફેકચરિંગ સેક્ટરના વિકાસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

રાજ્યપાલ,મુખ્યમંત્રી સહિતના નેતાઓ હાજર રહ્યા

અમદાવાદમાં ૩૦મા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો રંગેચંગે પ્રારંભ

અમદાવાદ

અમદાવાદમાં સાબરતી નદીના કિનારે રિવરફ્રન્ટ પર ૩૦માં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો રંગેચંગે પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી, મેયર બિજલબેન પટેલ સહિતના મહાનુભવોની ઉપસ્થિતિ સાથે આ પતંગ મહોત્સવનો સત્તાવાર પ્રારંભ કરવામાં આવ્યો છે. ૪૫ જેટલા દેશોના પતંગબાજો સહિત દેશ વિદેશના કુલ ૬૫૦ પતંગબાજો આ કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લેવા પહોંચ્યા છે.

પતંગ મહોત્સવ દરમિયાન શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ સૂર્યનમસ્કાર કર્યા હતા તેમજ વિવિધ રંગારંગ કાર્યક્રમો પણ રજૂ કરવામાં આવ્યા હતા. સોલા ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારો દ્વારા સૂર્યવંદના કરી આદિત્યનારાયણ દેવની સ્તુતી ગાવામાં આવી હતી અને મંત્રોચ્ચાર સાથે સમગ્ર વાતાવરણને પાવન કરાયું હતું. મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે આ વખતે કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ કચ્છના રણમાં પણ પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમ પતંગ આકાશમાં ઊંચે ઉડે છે તેમ ગુજરાત રાજ્ય પણ આગામી સમયમાં નવા નવા ઊંચા આયામો સર કરે તેવા પ્રયાસો સરકાર કરશે તેમ તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યપાલ ઓ પી કોહલીએ પણ સંબોધન કર્યું હતું અને ગુજરાતના તમામ નાગરિકોને પતંગના પર્વ એવા ઉત્તરાયણની અગાઉથી હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું કે ઉત્તરાયણના પર્વ સાથે ઋતુચક્રમાં પણ બદલાવ આવે છે. ગુજરાત વૈશ્વિક સ્તરે તેના ઉત્સવો માટે જાણીતું છે અને ગુજરાતી પ્રજા ઉત્સવ પ્રિય પ્રજા છે તેમ રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું. રિવરફ્રન્ટ પર હજારો લોકોની હાજરીમાં દેશ અને વિદેશના પતંગબાજોએ પોતાની પતંગો ઉડાતા આકાશમાં એક પ્રકારે રંગોળીનું દ્રશ્ય જોવા મળ્યું હતું. પવન પણ અનુકૂળ હોવાથી પતંગબાજોએ મનભરીને પતંગ ઉડાડવાનો આનંદ માળ્યો હતો.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર જાન્યુઆરી માસમાં પતંગ મહોત્સવ યોજીને રાજ્યમાં ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ ઊભું કરી રહી છે. સૂર્યનારાયણ દેવ મકર રાશિમાં પ્રવેશ કરતા હોય ત્યારે સૌ સૂર્યવંદના કરી દાન કરી પીપળા પૂજન કરી ધન્ય થતા હોય છે. આ વખતે રાજ્ય સરકાર દ્વારા વિવિધ ફૂલોના પ્રદર્શન એવા ફ્લાવર શો, દુબઈ શોપિંગ ફેસ્ટિવલ જેવા શોપિંગ ફેસ્ટિવલનું પણ અમદાવાદના આંગણે આયોજન કર્યું છે.

ચાલુ વર્ષે આ કાર્યક્રમને ઉત્તરાયણ સુધી લંબાવાયો છે અને રાજ્યમાં કેવડિયા, દ્વારકા, કચ્છ, રાજકોટ સહિત અનેક સ્થળોએ પતંગ મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરાયું છે.

રાજ ઠાકરે તેમના પુત્રના લગ્નની કંકોત્રી આપવા દિલ્હી જશે

રાહુલ ગાંધી-રાજ ઠાકરે વચ્ચે દિલ્હીમાં મુલાકાત થાય તેવી શક્યતા

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી પહેલા રાષ્ટ્રીય સ્તરે બનતા અને બગડતા રાજકીય સંબંધો વચ્ચે એક મોટી રાજકીય મુલાકાત થવા જઈ રહી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરે આગામી સપ્તાહે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથે દિલ્હીમાં મુલાકાત કરે તેવી શક્યતા છે. તેઓ આગામી સપ્તાહે પુત્ર અમિત ઠાકરેના લગ્નની કંકોત્રી લઈને દિલ્હી જઈ રહ્યા છે. આના સંદર્ભે તેઓ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરવાના છે. પિતરાઈ ભાઈ ઉદ્ધવ ઠાકરે સાથેની મુલાકાત બાદ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથેની રાજ ઠાકરેની મુલાકાત પર પણ રાજકીય વર્તુળોની નજર મંડાયેલી છે. મહત્વપૂર્ણ છે કે રાજ ઠાકરે પોતાના કાર્ટૂનો દ્વારા પણ રાહુલ ગાંધીના વખાણ કરી ચુક્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ રાજ ઠાકરેએ પોતાના ફેસબુક પેજ પર કાર્ટૂન બનાવ્યું હતું. જેમાં તેમણે રાહુલ ગાંધીના કદને પીએમ મોદી અને અમિત શાહથી મોટું દર્શાવ્યું હતું. ત્યારે રાજ ઠાકરેએ કહ્યુ હતુ કે ભલે ભાદજ ચૂંટણી જીતી ગયું હોય, પરંતુ રાહુલ ગાંધીનું કામ જનતાને પસંદ આવવાનું શરૂ થઈ ગયું છે. તાજેતરમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં કોંગ્રેસની જીતનો શ્રેય પણ રાજ ઠાકરેએ રાહુલ ગાંધીને આપ્યો છે. રાજ ઠાકરે તેમની પાર્ટી એમએનએસને યુપીએ ગઠબંધનનો હિસ્સો બનાવવાનો પ્રસ્તાવ એનસીપી અને કોંગ્રેસની સમક્ષ મૂકી ચુક્યા છે. જો કે કોંગ્રેસ પહેલા જ એનસીપીના આવા પ્રસ્તાવને ઠુકરાવી ચુકી છે.

રોડડા રૂપીયા ૧૧,૬૪૫/- ના મુદ્દામાલ સાથે સાત જુગારિયોંને પકડી પાડતી અંકલેશ્વર શહેર પોલીસ



ભરૂચ પોલીસ આંધેક્ષક રાજેનદ્રશિંહ ચુડારામાનાઓ તરફથી જીલ્લામાં પોહી/જુગારની બદી અટકાવવા સુચના કરેલ જે અનુરાંધાને નાયબ પોલીસ આરધેક્ષક એલ.એ.ઝાલાના માર્ગદર્શન હેઠળ આજરોજ અ.હે.કો. સાગરભાઈ માલાભાઈ બ.ન.૧૨૯૮ નાઓને મળેલ બાતમી આધારે સુરતી ભાગોળમાં જુગાર અંગેની રેડ કરતા નિચે મુજબનો જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢવામા આવેલ છે.જેમાં મુબારક ઉર્ફ બાદશાહ રજાક શીદી, રહે.ગુ,હા,બોર્ડ અંડલેશ્વર શહેર તથા અન્ય છ પાસેથી જુગાર રમવાળા સાધનો તેમજ અંગ ઝડતી તથા દાવ ઉપરના રોકડા રૂ.૧૧,૧૪૫/-ના મુદામાલ શાથે પકડાઈ ગયેલ જે તમામ આરોપીઓને અટક કરી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

ખંભાતથી ૩૫ કિ.મી.ના અંતરે ભાડભૂત ખાતેના ક્ષેત્રમાંથી ઓક્ટોપસની પ્રજાતિ મળી


નર્મદા નદીમાં સૌપ્રથમ વખત ઓક્ટોપસ મળી આવતા કુતૂહલ

માણસના હાથ જેટલી લંબાઈ ધરાવતા ઓક્ટોપસ મળતા વૈજ્ઞાનિકોમાં અચરજ

મુંબઈ

નર્મદા નદીનો આગળના ક્ષેત્રમાંથી ઓક્ટોપસ મળી આવ્યાની વિરલ ઘટના સામે આવી છે. ભારતીય દરિયાકાંઠે આ પ્રકારે ઓક્ટોપસ મળ્યા હોવાની આ પ્રથમ ઘટના છે. દરિયાઈ જીવવૈજ્ઞાનિકોના મતે આ અગાઉ ક્યારેય ઓક્ટોપસ નદીના પાણીમાં જોવા મળ્યા નથી.

ઓક્ટોપસ એક દરિયાઈ જીવ છે જે સામાન્ય રીતે પાણીની અંદર ૫૦ મીટર સુધી જોવા મળે છે અને તે દરિયાઈ વિસ્તાર આસપાસમાં ખારા પાણીમાં જ જોવા મળી શકે છે. મૂળ પ્રવાહથી અલગ ફંટાયેલા પાણીનો પ્રવાહ જે આંશિક રીતે ખારું થયું હોય તેવા વિસ્તારમાંથી ઓક્ટોપસ મળ્યા હોવાની આ દુર્લભ ઘટના કહી



વડોદરા સ્થિત સેન્ટ્રલ ઈનલેન્ડ ફિશરિઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CIFRI) દ્વારા કુલ ૧૭ જેટલા નમૂનાની ઓળખ કરાઈ છે જે ઓક્ટોપસ હોવાની પુષ્ટિ કરે છે. સિફરીના રૂટિન સર્વેમાં આ ઓક્ટોપસ મળી આવ્યા હતા. ખંભાતથી ૩૫ કિ.મી.ના અંતરે ભાડભૂત ખાતે નિયમિત રીતે માછલી પકડીને સર્વેની કામગીરી દરમિયાન સૌપ્રથમ વખત ૧૬ ડિસેમ્બરે ઓક્ટોપસ મળી આવ્યા હતા. અગાઉ ઝિંગા પકડવા માટેની નેટમાં, હોડીને હંકારીને પાછળ બંધાતી નેટમાં અને હૂકમાં ઓક્ટોપસ ક્યારેક પકડાયા હોવાની ઘટના જણાઈ છે પરંતુ આ પ્રકારને નદીના પાણીમાંથી ક્યારેય મળ્યા નથી, તેમ વડોદરા સિફરીના વૈજ્ઞાનિક ડો. દિબાકર ભક્તાએ જણાવ્યું હતું.

ઓક્ટોપસના મળેલા ૧૭ નમૂના ૧૯૦-૩૨૦ એમએમની લંબાઈના છે. જે લગભગ માણસના હાથની લંબાઈ જેટલા હોવાનું જણાયું છે. સૌથી મોટા કદનો ઓક્ટોપસ ૩૨૫ એમએમનો છે તેમજ તેનું વજન ૫૬.૨ કિલોગ્રામ જેટલું છે. અત્યાર સુધીમાં બંગાળના અખાતમાંથી મળી આવેલા સૌથી મોટા ઓક્ટોપસની લંબાઈ ૬૦૦ એમએમ જેટલી હોવાનું જણાયું છે.

૫૪ ટોલમાં માર્ચ સુધીમાં ફાસ્ટટેગ લેન શરૂ કરાશે

આજથી દેશભરમાં પેટ્રોલપંપો પર ફાસ્ટ ટેગ બારકોડ અનિવાર્ય કરાશે

ન્યુ દિલ્હી

સોમવારથી દેશના તમામ નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પર ફાસ્ટટેગ લેન અનિવાર્ય કરી દેવાશે. તે માટે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) આજથી દેશભરના ૮૦૦ પેટ્રોલપંપમાં વાહનચાલકોને ફાસ્ટટેગ બારકોડ ઉપલબ્ધ કરાવશે. આ બારકોડ આગામી ૬ મહિનામાં દેશભરના ૨૫ હજાર પેટ્રોલપંપો પર ઉપલબ્ધ કરાવી દેવાશે. સાથે જ બે એપ પણ લોન્ચ કરાઈ રહી છે જે ફાસ્ટટેગ માટે મદદરૂપ થશે. તેનાથી ટોલ પ્લાઝા પર વાહનચાલકોનો ઘણો સમય બચશે. હાલ ફાસ્ટટેગ વિના એક વાહન પસાર થવામાં સરેરાશ ૬ મિનિટ લાગે છે.

માર્ગ પરિવહન મંત્રાલય અને NHAIના ૪૭૯ ટોલ પ્લાઝા છે. તેમાંથી લગભગ ૪૨૫ ટોલમાં ફાસ્ટટેગ લેન ઉપલબ્ધ છે. બાકીના ૫૪ ટોલમાં માર્ચ સુધીમાં ફાસ્ટટેગ લેન શરૂ કરી દેવાશે. તેનાથી વાહનચાલકોને ટોલ ચાર્જ ચૂકવવામાં લાગતો સમય બચશે. ફાસ્ટટેગ વિનાનાં વાહનોની ફાસ્ટટેગ લેનમાંથી એન્ટ્રી નહીં થાય. કોઈ વાહન એન્ટ્રી કરે તો તેને દંડ પણ થઈ શકે છે. જોકે, તે અંગે હજુ નિર્ણય લેવાયો નથી.

સોમવારે માર્ગ પરિવહન મંત્રાલય અને ઓઈલ કંપનીઓ વચ્ચે કરાર થશે. મહાનગરોના ૨૦૦-૨૦૦ પેટ્રોલપંપો પર ફાસ્ટટેગ ઉપલબ્ધ હશે. ત્યાર બાદ આગામી ૬ મહિનામાં તબક્કાવાર મોટાં શહેરોના ૨૫ હજાર પેટ્રોલપંપો પર પણ આ સુવિધા ઉપલબ્ધ કરાવાશે. તે માટે દરેક પેટ્રોલપંપમાં બૂથ બનાવાશે.

ફાસ્ટટેગને વાહનચાલક બેંક એકાઉન્ટ, પેટીએમ વગેરે સાથે લિંક કરી શકે છે. તેમાં લગભગ તમામ બેંકો માટે વિકલ્પ હશે. અત્યાર સુધી ફાસ્ટટેગ NHAI દ્વારા રજિસ્ટર્ડ બેંકોમાંથી જ મળતા હતા. એક સર્વે મુજબ અંદાજે ૯૦ ટકા વાહનચાલકો ટોલમાંથી પસાર થાય છે. તેવામાં વાહનચાલકો માટે ફાસ્ટટેગ સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે.

પાક.વડાપ્રધાન ઈમરાનની પાર્ટીનુ ભારતને બદનામ કરવાનુ અભિયાન

ભારતમાં લઘુમતિઓની ધર્મના નામ પર હત્યા કરવામાં આવે છે

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાનની પાર્ટીએ પીએમ મોદીને બદનામ કરવા માટે પાકિસ્તાનમાં અભિયાન શરુ કર્યુ છે. જેના ભાગરુપે તહરિકે ઈન્સાફ પાર્ટીએ પીએમ મોદી અને ભારત સરકાર પર નિશાન સાધ્યુ છે.

આ ટ્વિટમાં ઈમરાનની પાર્ટીએ ઈમરાનખાન અને નરેન્દ્ર મોદીની તુલના કરીને લખવામાં આવ્યુ છે કે પીએમ ઈમરાનખાન માનવતા અને લઘુમતિઓને અધિકાર આપવામાં વિશ્વાસ કરે છે. કરતારપુર કોરિડોર અને પંજ તિર્થને રાષ્ટ્રિય દરજ્જો આપવાના નિર્ણય તેનો પૂરાવો છે.જ્યારે ભારતમાં લઘુમતિઓની ધર્મના નામ પર હત્યા કરવામાં આવે છે.આ ફરક જ ઈમરાનને મહાન નેતા બનાવે છે. ટ્વિટની સાથે ઈમરાન અને મોદીનો ફોટો પણ મુકવામાં આવ્યો છે અને પીએમ મોદીના ફોટાની નીચે લખાયુ છે કે ભારતમાં ગાયની ચોરીના આરોપમાં એક મુસ્લિમ શખ્સની હત્યા કરાઈ છે.

અત્યાર સુધી ૧૦ મહિલાઓએ સબરીમાલા મંદિરમાં દર્શન કર્યાઃ પોલીસનો દાવો

તિરુવનંતપુરમ્

કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશના મામલે રાજ્યમાં હજીપણ દેખાવો ચાલી રહ્યા છે. તેવામાં એક અખબારને કેરળ પોલીસની સ્પેશયલ બ્રાંચમાંથી મળેલા એક વીડિયોના આધારે દાવો કર્યો છે કે પહેલી જાન્યુઆરીએ તમિલ મૂળની ત્રણ મેલિશિયન મહિલાઓ સબરીમાલામાં પ્રવેશ કરતી દેખાઈ છે.

આ મહિલાઓએ બિંદુ અમ્મિની અને કનકદુર્ગાથી પહેલા ભગવાન અયપ્પાના સબરીમાલા મંદિરમાં દર્શન કર્યા હતા. જો કે ૫૦ વર્ષથી ઓછી વયની મહિલાઓમાં બિંદુ અને કનકદુર્ગા સત્તાવાર રીતે સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ભગવાન અયપ્પાના દર્શન કરનારાઓમાં પહેલી હતી. પોલીસે દાવો કર્યો છે કે પચાસ વર્ષથી ઓછી વય ધરાવતી અન્ય ચાર મહિલાઓએ પણ સબરીમાલા મંદિરમાં દર્શન કર્યા છે.

આમ પચાસ વર્ષથી ઓછી વયની દશ મહિલાઓએ સબરીમાલા મંદિરમાં દર્શન કર્યા છે. પોલીસે આ તમામ મહિલાઓની જાણકારી મેળવી લીધી છે. જેથી તેમને જરૂરત ઉભી થયે કોર્ટમાં રજૂ કરી શકાશે. પોલીસ સૂત્રોનું કહેવું છે કે આ મહિલાઓએ પહેલી જાન્યુઆરીએ સવારે સબરીમાલા મંદિરની મુલાકાત લીધી હતી અને સવારે દશ વાગ્યે તે પમ્બા પાછી ફરી હતી. પુષ્ટિ કરી હતી. તેમણે મહિલાઓના સબરીમાલા મંદિરમાં દર્શનને લઈને કોઈપણ પ્રકારની ટીપ્પણી કરવાનો ઈંકાર કર્યો છે.

સબરીમાલા મંદિરમાં દર્શન કરનારી ત્રણ મલેશિયન મહિલાઓના નામ, વય અને અન્ય જાણકારી પોલીસે પોતાની પાસે રાખી છે. વીડિયોમાં આ ત્રણેય મહિલાઓના મોંઢા શાલથી ઢંકાયેલા છે. પોલીસ સૂત્રોનું કહેવું છે કે આ મહિલાઓએ પહેલી જાન્યુઆરીએ સવારે સબરીમાલા મંદિરની મુલાકાત લીધી હતી અને સવારે દશ વાગ્યે તે પમ્બા પાછી ફરી હતી.

પાર્ટી તેની મૂળ વિચારધારાથી ભટકી ગઈ છે

આપ પંજાબના ધારાસભ્ય સુખપાલ ખૈરાએ પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યુ

ચંડીગઢ

લોકસભા ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટીને વધુ એક ઝટકો લાગ્યો છે. પંજાબના ધારાસભ્ય સુખપાલ ખૈરાએ રવિવારે આમ આદમી પાર્ટીના પ્રાથમિક સભ્યતા પરથી રાજીનામુ આપી દીધું છે.

પાર્ટીને છોડતાની સાથે જ સુખપાલ ખૈરાએ આમ આદમી પાર્ટીના સંયોજક કેજરીવાલ પર તીખા પ્રહારો કર્યા હતા. તેમણે કેજરીવાલને એક પત્ર લખીને જણાવ્યું હતું કે, પાર્ટી તેની વિચારધારા અને સિદ્ધાંતો પરથી સંપૂર્ણ રીતે ભટકી ગઈ છે, જે પર અન્ના હજારે આંદોલન બાદ નક્કી થયા હતા.ઉલ્લેખનીય છે કે, અગાઉ પંજાબ આમ આદમી પાર્ટીના નેતા અને શિખ વિરોધી રમખાણોના વકીલ હરવિંદર સિંહ ફુલકાએ પાર્ટીમાં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. આ વાતની જાણકારી તેમણે ગુરુવારે ટ્વીટ કરીને આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, તેઓ પાતોનું રાજીનામું આપના ચીફ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આપી દીધું છે.

ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલમાં ઈ-પેમેન્ટની જ વ્યવસ્થા નહીં..!

અમદાવાદ

ગુજરાત સરકાર દ્વારા આજે અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે આંતર રાષ્ટ્રીય પતંગોત્સવનો રંગચંગે આરંભ કરાવવામાં આવ્યો છે પરંતુ ફેસ્ટીવલના સ્થળે કોઈને ખરીદી કરવી હોય તો સ્ટોલમાં ઈપેમેન્ટની કોઈ વ્યવસ્થા જ નહોતી. પરિણામે એક તરઉ મોદી સરકાર દ્વારા ડીજીટલ ઈન્ડિયા પર ભાર મૂકાય છે તો બીજી તરફ ઈન્ટરનેશનલ ફેસ્ટીવલમાં કે જ્યાં દેશ-વિદેશથી લોકો આવ્યાં હોય તેમને કોઈ ખરીદી કરવી હોય તો રોકડા આપવા પડે એવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને રાજ્યપાલ ઓ.પી. કોહલીએ કાઈટ ફેસ્ટીવલનો પ્રારંભ કરાવ્યો ત્યારે મોટી સંખ્યામાં વિદેશી પતંગ રશિયાઓ પણ જોવા મળ્યા હતા. ફેસ્ટીવલના સ્થળે વિવિધ સ્ટોલ પણ રાખવામાં આવ્યાં છે. આ સ્ટોલમાંથી કોઈ મુલાકાતીને ખરીદી કરવી હોય તો રોકડાનું જોખમ લઈને નહીં ફરતા અને ઈપેમેન્ટમાં માનતા ગ્રાહકોને કોઈ નાની મોટી ખરીદી કરવાનો વારો આવ્યો ત્યારે તેમને મુશ્કેલી પડી કે ઈન્ટરનેશનલ ફેસ્ટીવલમાં જ ઈ-પેમેન્ટની વ્યવસ્થા નથી તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ડીજીટલ ઈન્ડિયાનું સ્વપ્ન કઈ રીતે પૂર્ણ થશે એવા સવાલો પણ ફેસ્ટીવલના સ્થળે સંભળાયા હતા.

એરપોર્ટની જેમ રેલવે સ્ટેશનો પર પહોંચવું પડશે ૨૦ મીનિટ પહેલા

રેલવે સ્ટેશનો ખાતે સીસીટીવી કેમેરા, પર્સનલ બેગેજ સ્કિનિંગ સિસ્ટમ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સિસ્ટમ લગાવવામાં આવશે

ન્યુ દિલ્હી

ભારતીય રેલવે પણ સુરક્ષા માટે એરપોર્ટની જેવી કાર્યપદ્ધતિ અપનાવવાનું વિચારી રહ્યું છં. જે બાદમાં તમારે એરપોર્ટની જેમ ટ્રેનમાં સવાર થવા માટે થોડા સમય પહેલા જ પ્લેટફોર્મ પર પહોંચીને સિક્યુરિટી ચેકઅપ કરાવવું પડશે.

રેલવે પ્રોટેક્શન ફોર્મના ડિરેક્ટર જનરલ અરુણ કુમારે જણાવ્યું કે, "આ મહિને શરૂ થઈ રહેલા કુંભ મેળાને ધ્યાનમાં રાખીને પ્રયાગરાજ ખાતે આ પ્રકારની સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કર્ણાટકના હુબલી રેવલે સ્ટેશન ખાતે પણ આ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં દેશના અન્ય ૨૦૨ રેલેવે સ્ટેશન ખાતે આ પ્રકારનો પ્લાન અમલી બનાવવા માટે બ્લૂપ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે.

અધિકારીએ વધુમાં કહ્યું હતું કે, "રેલવે સ્ટેશનને સંપૂર્ણ સુરક્ષિત કરવાનો પ્લાન છે. અમે હાલ એ તપાસી રહ્યા છીએ કે રેલવે સ્ટેશનો પર કેટલા છીંડા છે, તેમજ તેમાંથી કેટલાને બંધ કરી શકાય તેમ છે. અમુક છીંડા પર બાઉન્ડ્રી વોલ બનાવીને તેના હંમેશ માટે બંધ કરી દેવામાં આવશે, જ્યારે અમુક ગેટ્સ પર આરપીએફના જવાનો મૂકી દેવામાં આવશે."

અરુણ કુમારે વધુમાં કહ્યું કે, "દરેક પ્રવેશ દ્વારા પર ગમે તે ઘડીએ સુરક્ષાનું ચેકિંગ કરવામાં આવશે. જોકે, એરપોર્ટની જેમ મુસાફરોએ કલાકો પહેલા નહીં પરંતુ મુસાફરી શરૂ થવાના ૧૫-૨૦ મિનિટ પહેલા રેલવે સ્ટેશન ખાતે હાજર થવું પડશે. મુસાફરોએ એ વાત ધ્યાનમાં રાખવી પડશે કે સુરક્ષા તપાસને કારણે તેઓ ટ્રેન ન ચૂકી જાય."

અધિકારીએ વધુમાં કહ્યું કે સુરક્ષા માટે ટેક્નોલોજીના ઉપયોગથી મેન પાવરનો ઉપયોગ ઘટાડી શકાશે. રેલવે તરફથી આવું પગલું ૨૦૧૬માં મંજૂર કરવામાં આવેલા ઈન્ટીગ્રેટેડ સિક્યુરિટી સિસ્ટમ (ISS) પ્લાન અંતર્ગત લેવામાં આવી રહ્યું છે. આ પ્લાન પ્રમાણે દેશના ૨૦૦ રેલવે સ્ટેશન્સ પર સુરક્ષા વ્યવસ્થા વધારે ચુસ્ત બનાવવામાં આવશે.

૧૫૦ મુસાફરો સાથે દિલ્હી આવતી ફ્લાઈટમાં ફ્યૂઅલ લિકેજ થતાં ઈમરજન્સી લેન્ડિંગ

કોલકાતા

કોલકાતા એરપોર્ટ પર એર ઈન્ડિયાના એક વિમાનમાં ફ્યૂઅલ લિકેજ બાદ અફરા તફરી મચી ગઈ હતી. આ ઘટના શનિવાર રાતની છે. ફ્યૂઅલ લિકેજને લીધે એરપોર્ટ પર ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી.

ફ્યૂઅલ લિકેજની ઘટના બેંકકોકથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ છૈં-૩૩૫માં બની હતી. આ વિમાનમાં ૧૫૦ મુસાફરો હતા. બેંગકોકથી રાત્રે ૯:૩૦ કલાકે ફ્લાઈટ દિલ્હી આવવા રવાના થઈ હતી. લગભગ અડધા કલાક બાદ ભારતના એરસ્પેસમાં વિમાન પ્રવેશતા જ ટેક્નીકલ ખામીની ફરિયાદ કારઈ હતી. જે બાદ પાયલોટે કોલકાતા એરપોર્ટ પર ઈમરજન્સી લેંડિંગનો નિર્ણય લીધો. વિમાનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે.

૨૦૧૪માં યોજાયેલ ચૂંટણીમાં ૮૩ કરોડ મતદારો હતા

ગત લોકસભા ચૂંટણીમાં ૨૮ કરોડ મતદારોએ વોટિંગ કર્યુ નહોતુ

ન્યુ દિલ્હી

૨૦૧૪માં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં દેશમાં ૮૩ કરોડ મતદારો હતા પણ આ પૈકીના ૨૮ કરોડ મતદારોએ વોટિંગ કર્યુ નહોતુ.

વોટિંગ નહી કરનારાઓમાં મોટી સંખ્યા એવા લોકોની હતી જેમણે નોકરી, લગ્ન, અભ્યાસ કે બીજા કારણસર ઘર છોડીને અન્ય જગ્યાએ રહેવા જવુ પડ્યુ હતુ. જેના કારણે તેઓ મતદાન કરવાથી વંચિત રહી ગયા હતા.તેમના માટે માત્ર મતદાન કરવા માટે પોતે જે જગ્યાએ મતદાર તરીકે નોંધાયા હોય ત્યાં આવવુ શક્ય નહોતુ.

૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપને ૧૭.૨ કરોડ અને કોંગ્રેસને ૧૦.૭ કરોડ મત મળ્યા હતા.તે રીતે જોવામાં આવે તો વોટ નહી કરનારાઓની સંખ્યા બંને પાર્ટી કરતા વધારે રહી હતી.

મતદાન નહી કરનારાઓની આ સંખ્યાને જોતા તો એવુ લાગે છે કે જે રીતે એનઆરઆઈને પ્રોક્સી વોટિંગથી અને સરકારી કર્મચારીઓને પોસ્ટલ વોટિંગથી મતદાનનો અધિકાર અપાયો છે તે જ અધિકાર બીજા ભારતીયોને પણ મળવો જોઈએ. જે વ્યાજબી અને અનિવાર્ય કારણસર પોતાનુ ઘર છોડીને બીજે રહેતા હોય છે અને મતદાન નથી કરી શકતા.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સતત ત્રીજા વર્ષે વડોદરા મેરેથોનને કરાવ્યું પ્રસ્થાન : પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પાઠવી શુભેચ્છા





- વડોદરા મેરેથોનમાં આખુ વડોદરા એક થઈને દોડે છે આ મેરેથોન સહુનો સાથ સહુનો વિકાસના મંત્રને ચારિતાર્થ કરે છે
- તેજલબહેન રંજનબહેન જિગીષાબહેન સાથે મળીને વડોદરાને દોડાવે છે એનો મને આનંદ છે
- સહુ સાથે મળીને ગુજરાતને દેશનું અને વડોદરાને ગુજરાતનું રોલ મોડલ બનાવીએ
- નવા વર્ષે યોજાતી વડોદરા મેરેથોન નવા ઉત્સાહ ઉમંગ અને જુસ્સાનું સિંચન કરે છે

ખેલ રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે મેરેથોનને વડોદરાના ખેલ ઉત્સવ અને અન્ય રાજ્યો/શહેરો માટે પ્રેરણારૂપ ગણાવીને બિરદાવી

વડોદરા : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સતત ત્રીજા વર્ષે વડોદરા મેરેથોનને પ્રસ્થાન કરાવ્યું હતું.તેમણે જણાવ્યું કે આ દોડના ભાગરૂપે હજારો વડોદરવાસીઓ સેવા,સ્વાસ્થ્ય અને સ્વચ્છતા માટે દોડે છે જેનાથી સહુનો સાથ, સહુનો વિકાસનો મંત્ર ચરિતાર્થ થાય છે.આ દોડનું આયોજન મહિલા શક્તિની સક્ષમતાની પ્રતીતિ કરાવે છે. તેમણે સહુ સાથે મળીને ગુજરાતને દેશનું અને વડોદરાને ગુજરાતનું રોલ મોડેલ બનાવીએ એવો અનુરોધ કર્યો હતો અને નવવર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ખેલ રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી એ જણાવ્યું કે નવા વર્ષે યોજાતી વડોદરા મેરેથોન નવા ઉત્સાહ અને ઉમંગનું સિંચન કરે છે અને જુસ્સો વધારે છે. તેની સાથે આરોગ્યની જાળવણી માટે દોડ જેવા વ્યાયામો અપનાવવાની પ્રેરણા આપે છે. આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, વાઈબ્રન્ટ ગુજરાત અને વડોદરા મેરેથોન જેવા આયોજનથી આ વર્ષનો જાન્યુઆરી મહિનો ચેતનવંતો બન્યો છે.

મેરેથોન માટે આખું વડોદરા સાથે મળીને દોડે છે..આમ આ દોડ વડોદરાને જોડે છે. તેજલબહેન, સાંસદ રંજનબહેન અને મેયર ડો.જીગીશાબહેન, આ બહેનો આખા વડોદરાને દોડાવે છે એનો મને આનંદ છે.તેમણે જણાવ્યું કે સફળતા માટે સહિયારા પ્રયાસોને ઉત્તેજન આપતું આ આયોજન વડોદરાના વિકાસને પણ વેગ આપશે.

સહુના ઉત્કર્ષ અને વિકાસ માટે વડોદરા મેરેથોનના આયોજન ની ભાવનાને મુખ્યમંત્રી એ બિરદાવી હતી અને વડોદરાના વિકાસ અને ઘડતરમાં મહારાજા સાયજીરાવના યોગદાનને આદરપૂર્વક યાદ કર્યું હતું.

મેરેથોન પ્રસ્થાન મંચ પર ઉપસ્થિત સંત સમુદાયનું મુખ્યમંત્રી શ્રીએ આદરપૂર્વક અભિવાદન કર્યું હતું અને સંતોએ પણ તેમનું અશિષભાવ સાથે સન્માન કર્યું હતું.

મુખ્યમંત્રીએ ટોર્ચ ઓફ સેવા દોડને પણ પ્રસ્થાન કરાવ્યું હતું જેની આગેવાની લોર્ડ ભીખુ પારેખ સહિત પદ્મ પુરસ્કાર વિજેતાઓ એ લીધી હતી. ઓમાની ગાયક હેતમ મહંમદ રફીએ બાપુને પ્રિય નરસિંહ રચના વૈષ્ણવજનનું ગાન કરીને સહુને ભાવભિભૂત કર્યા હતા.

મુખ્યમંત્રીએ દિવ્યાંગ દોડવીરોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે દિવ્યાંગ દોસ્ત એપ્લિકેશનનું વિમોચન કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પત્ર દ્વારા વડોદરા મેરેથોનને શુભેચ્છા પાઠવી હતી અને આ આયોજનને સ્વાસ્થ્ય અને સમાજસેવાની ભાવના પ્રસરાવનારૂ ગણાવ્યું હતું.

આજની વડોદરા મેરેથોનમાં દોડવા માટે ૧લાખ થી વધુ દોડવીરોએ નોંધણી કરાવી હતી જેમાં ૨૫૦ દિવ્યાંગોનો સમાવેશ થતો હતો.વિદેશવાસી ભારતીયો(એનઆરઆઈ), દેશના ૧૬ રાજ્યો અને ગુજરાતના વિવિધ શહેરોના દોડવીરોએ ભાગ લીધો હતો. મ્યુનિસિપલ કમિશ્નર અજય ભાદુ એ ૧૦ ા૰ ૨નમાં દોડીને પ્રોત્સાહક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે વડોદરા મેરેથોનને મોડેલ તરીકે અપનાવીને દેશના અન્ય રાજ્યો અને શહેરોએ મેરેથોન દોડ યોજવાની પરંપરા શરૂ કરી છે. આ આયોજન હવે ખેલ ઉત્સવ બની ગયું છે. તેમણે રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિઓને લીધે એવોર્ડ વિજેતા ખેલાડીઓના ઘડતરમાં મળેલી સફળતાની વિગતો આપી હતી.

આ પ્રસંગે સાંસદ રંજનબહેન, મેયર જીગીશાબહેન, ધારાસભ્યો સર્વ જીતુભાઈ, યોગેશભાઈ, સીમાબહેન, કેતનભાઈ, ગુજરાત પ્રવાસન નિગમના ડિરેક્ટર અમિત ઠાકર,વિવિધ ધર્મો સંપ્રદાયોના સંતો, શ્રીમતી તેજલ અમીન અને સમીર ખેરા સહિત વડોદરા મેરેથોન અને સહયોગી સંસ્થાઓના પદાધિકારીઓ, વડોદરા મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને નગર સેવકો,મ્યુનિસિપલ કમિશનર અજય ભાદુ, શહેર પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગહલોત, કલેક્ટર શાલિની અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારી કે.બી.ઝવેરી અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ૧૫ વર્ષની ઉંમરના રોનીત જોશીએ આંખે પાટા બાંધીને પાદ્ધ સ્કેટિંગ કર્યું હતું. વડોદરાને ગૌરવ અપાવનારા યુવા ખગોળશાસ્ત્રી ડો. કરણ જાનીએ મેરેથોનના મંચ પર મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને મુખ્યમંત્રીએ ખગોળ સંશોધનના ક્ષેત્રમાં તેમની કામગીરીને પ્રેરણાપ્રદ ગણાવી હતી.

બોટાદ LCB પોલીસને મળી સૌથી મોટી સફળતા

રાણપુરની મારવાડી(છારા)ગેંગના ૬ સાગરીતોને ૩.૧,૫૭,૧૯૫ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા



બોટાદ સહીત અન્ય જીલ્લાઓની ૧૦૦ ચોરીની કબુલાત

બોટાદ જીલ્લાના રાણપુર ગીરનારી આશ્રમ પાસે ખોડીયારનગર(છારાનગર)ની મારવાડી છારા ગેંગને ૧.૫૭.૧૯૫.નાં મુદ્દામાલ સાથે બોટાદ એલ.સી.બી.પોલીસે રાણપુર રેલ્વે સ્ટેશન પાસેથી એક બાળ આરોપી સહીત છ શખ્સોને ઝડપી લઈ ૧૦૦ જેટલી ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે

આ બનાવ અંગે બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં જણાવ્યુ કે બોટાદ એલસીબી પીઆઈ એચ.આર.ગોસ્વામી તથા સ્ટાફનાં માણસોએ બાતમીને આધારે રાણપુર રેલ્વે સ્ટેશન પાસેથી ૪ જાન્યુઆરીએ ગીરનારી આશ્રમ પાસે આવેલ ખોડીયારનગર છારાનગરની મારવાડી છારા ગેંગના વનરાજભાઇ ઉર્ફે રીતીક શામજીભાઇ રાઠોડ જાતે-મારવાડી ઉવ.૨૦ રહે.રાણપુર ગીરનારી આશ્રમ પાસે ખોડીયારનગર, છારાનગર, આશીકભાઇ રાકેશભાઇ રાઠોડ જાતે-મારવાડી ઉવ.૧૯ રહે.રાણપુર ગીરનારી આશ્રમ પાસે ખોડીયારનગર, છારાનગર, વજેસિંહ રાજેસિંહ ચૌહાણ જાતે-મારવાડી ઉવ.૨૫ રહે.રાણપુર ગીરનારી આશ્રમ પાસે ખોડીયારનગર, છારાનગર, બરમાભાઇ રમેશભાઇ રાઠોડ જાતે-મારવાડી ઉવ.૨૨ રહે.રાણપુર ગીરનારી આશ્રમ પાસે ખોડીયારનગર, છારાનગર, અશ્વિનભાઇ શામજીભાઇ રાઠોડ જાતે-મારવાડી ઉવ.૨૨ રહે.રાણપુર ગીરનારી આશ્રમ પાસે ખોડીયારનગર,છારાનગર અને એક બાળ આરોપીને બોટાદ જીલ્લા સહીત અન્ય જીલ્લાઓમાં કરેલી ઘરફોડ ચોરીનાં મુદ્દામાલ સોના.ચાંદીના દાગીના છડા,મુર્તિ,સીક્કો,કડલા વીટી,ચેન તેમજ મોબાઈલ નંગ-૬,પાણીની મોટર,ડેલ કંપનીનુ લેપટોપ,બ્લોઅર મળી ૧૫૭૧૯૫ ની મત્તા સાથે ધરપકડ કરી હતી

ઉલ્લેખનીય છે કે આરોપીઓની ચોરી કરવાની રીત કંઈક અલગ જ હતી આરોપીઓ દિવસની ઘરફોડ કરે છે મજુર વર્ગના માણસોના ઘર ટાર્ગેટ કરે છે મજુરો કામ ઉપર જાય ત્યારે તેઓના ઝુંપડામા ચોરી કરે છે જ્યા ચોરી કરવાની હોય ત્યા અગાઉ ઝુંપડા બાંધીને રહે છે ચોરી થયા બાદ ત્યાંથી ૧૦-૧૫ કી.મી દુર જતા રહે છે જયારે શહેરી વિસ્તારમા બપોરના સમયે બંધ મકાનમાં દિવાલ કુદી અંદર પ્રવેશ કરી તાળા તોડી ઘરમાંથી સોના ચાંદીના દાગીના લઈ જઈ તે સ્થળ છોડી દે છે આ શખ્સો ખાસ કરીને વાડી વિસ્તારમા રહેતા મકાનને ટાર્ગેટ કરે છે પોતાના દંગા એવા વિસ્તારમા નાંખે છે કે જયા આજુબાજુ બીજા મજુરોના દંગા પહેલેથી જ હોય જેના કારણે તેના ઉપર કોઈ ને શક વહેમ ન જાય જ્યારે હોળીના તહેવાર વતનમા કરે છે બાદમા ત્યાંથી અલગ અલગ ગ્રુપમા જુદા જુદા જીલ્લાઓમાં ચોરી કરવા માટે નીકળી જાય છે

આ પકડાયેલા આરોપીઓની પુછપરછ કરતા બોટાદ,રાણપુર સહીત રાજકોટ, પડધરી,જામનગર, કચ્છ-ભુજ જીલ્લાના માધાપર, માંડવી, કાલાવડ, લાલપુર, ભાણવડ, ખંભાળીયા, લતીપુર, ધ્રોલ, ફલ્લા, વાંકીયા, જોડીયા, અડીયાણા, લીમુડાગામ,નડીયાદ આણંદ જીલ્લામાં વાસદ મોરબી જીલ્લાનાં હળવદ, મોરબી, ચરાડા, માળીયા, ટંકારા, હારૈયા રાજકોટ જીલ્લાના ગવળીધર, જસદણ, આટકોટ, છતરગામ સુરેન્દ્રનગર જીલ્લાના ધાંગધ્રા ગામ સહીત નાની મોટી એક સો કરતા વધારે ચોરીઓની કબુલાત આરોપીઓએ આપી હતી

આમ છેલ્લા ઘણા વર્ષોથી ચોરીના ગુન્હાઓને અંજામ આપી, ચોરી કરવામાં સતત સક્રિય રહેતી મારવાડી છારા ગેંગને પકડી પાડવામાં બોટાદ એલ.સી.બી. ટીમે સફળતા મેળવેલ છે જેમાં બોટાદ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન મુજબ વિભાગીય પોલીસ અધિકારી શ્રી રાજદિપસિંહ નકુમ ની સુચના હેઠળ બોટાદ એલ.સી.બી.ના પો.ઈન્સ. શ્રી.એચ. આર.ગોસ્વામી તથા એલ.સી.બી. સ્ટાફના ડી.એમ.ત્રિવેદી, ભગવાનભાઈ, લક્ષ્મણદેવસિંહ, પ્રવિણસિંહ, ક્રિપાલસિંહ, બળદેવસિં, પુરવભાઈ, કનકસિંહ, સુખદેવસિંહ સહીતના એ આ કામગીરી કરી હતી

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં

ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ 'ગતિશીલ ભારત' યોજાયો

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી ખાતેની શ્રી ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ 'ગતિશીલ ભારત' વન અને આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરની અધ્યક્ષતામાં યોજાયો હતો.



આ અવસરે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, બાળકોના શિક્ષણ આપવાનું મેનેજમેન્ટ સારું હોય તો શાળાનું પરિણામ ચોક્કસ સારું જ આવે છે, પરંતુ તેની સાથે વાલીઓનો ફાળો પણ ખૂબ જ મહત્ત્વનો છે, ત્યારે બાળક સારું ભણે તે માટે વાલીઓ પૂરતી કાળજી રાખે તે જરૂરી છે. વાર્ષિકોત્સવના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને કેવું શિક્ષણ મળ્યું છે અને તેઓએ વર્ષ દરમિયાન કેવું પ્રદર્શન કર્યું છે તે તેમના માતા-પિતા પ્રત્યક્ષ રીતે જોઈ અને જાણી શકે છે. બાળકોને દરેક ક્ષેત્રોમાં રોજગારીની તકો મળે તે પ્રકારનું શિક્ષણ આપવા માટે રાજ્ય સરકારના અવિરત પ્રયાસો રહયા છે. વાર્ષિક સમારંભ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્ત્વનો દિવસ છે, ત્યારે અહીં અભ્યાસ કરતા બાળકો વિશેષ પ્રદર્શન કરી જીવનમાં અનેક સિદ્ધિઓ મેળવી હંમેશા આગળ વધે તેવી શુભકામના પાઠવી હતી.

આ અવસરે વિવિધ ક્ષેત્રે અગ્રેસર તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓને મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે મેડલ તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

શાળાના હેડ બોય અને હેડ ગર્લ્સે શિક્ષકોના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલો શાળાનો રીપોર્ટ કાર્ડ રજૂ કરી શાળાકીય પ્રવૃત્તિની રૂપરેખા આપી હતી. ક્રિષ્ના ઈન્ટરનેશનલ સ્કૂલે વિવિધ ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓની ઝાંખી પણ તેમણે કરાવી હતી.

શાળાના બાળકોએ રજૂ કરેલા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમને ઉપસ્થિત સૌએ મનભરીને માણ્યો હતો. આ અવસરે શાળાના ટ્રસ્ટી મહેશભાઈ મુન્દ્રા, વિક્રાંત મુન્દ્રા, શાળા આચાર્યા પ્રિતી મુન્દ્રા, અગ્રણી હિતેશભાઈ સુરતી, મહેશભાઈ ભટ્ટ, શાળા પરિવાર, બાળકોના માતા-પિતા, વાલીઓ, શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓએ કર્યું હતું.

કારમાં આવતી ચોર ટોળકીનો આંતક, ૬૦ હજારથી વધુની મતા લઈ રફુચક્કર

સુરત

સુરતના વરાછા વિસ્તારમાં કારમાં આવતી ચોરની ટોળકીના આતંકથી લોકો પરેશાન થયા છે. ત્યારે હવે ફરી કારમાં આવતી ચોરની ટોળકીએ ચોરી કરી છે. વરાછા રોડ પર આવેલા ઉમિયા મંદિરની સામને ઘર અને દુકાનમાંથી કારમાં આવેલી ટોળકીએ ચોરી કરી હતી.

ચોરની ટોળકીએ મકાનમાંથી ૬૦ હજાર અને ૨ દુકાનમાંથી ૪ હજાર રૂપિયાની ચોરી કરી હતી. ઈકો કારમાં આવતા ચોર સીસીટીવીમાં કેદ થયા હતા. મહત્વનું છે કે, કારમાં આવતી ૪ લોકોની ટોળકી ગયા સપ્તાહે પણ ચોરી કરી હતી. લાંબે હનુમાન રોડ પર ત્રિકમનગર રોહાઉસમાં ચોરની ટોળકીની ચોરી કરી હતી.

ઉલ્લેખનીય છે કે, એક તરફ શિયાળાનો માહોલ જામ્યો છે ત્યારે તસ્કરોને પણ ચોરી કરવા માટે મોકળું મેદાન પ્રાપ્ત થયું હોય તેમ ચોરીની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. આજરોજ વહેલી સવારે આશરે પાંચ વાગ્યાના સુમારે વરાછા વિસ્તારમાં આવેલ ઉમિયા માતાજીના મંદિરની સામે આવેલા ઘરમાં અને દુકાનમાં ચોરીનો બનાવ બનતા ચકચાર મચી જવા પામી હતી.

કારમાં આવતી એક ટોળકીએ મકાન અને દુકાનમાં ઘુસીને ૬૦ હજારથી વધારેની રકમની ચોરી કરી રવાના થયા હતા. જો કે, સમગ્ર ઘટનાની જાણ સવારે થતાં જ પોલીસ કાફલો ઘટના સ્થળે ધસી આવ્યો હતો અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. પોલીસે ઘર અને દુકાનની આસપાસ આવેલ સીસીટીવી તપાસમાં કાર લઈને ચોરી કરવા આવેલ ટોળકી દેખાઈ આવી હતી. હાલ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નવાગામ ખાતે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું





તા ૦૬/૦૧/૨૦૧૯ ના રોજ રવિવારે સવારે ૯:૩૦ થી ૧ વાગ્યે સુધી માનવ સહકાર સેવાભાવી ટ્રસ્ટ દ્વારા ફ્રી ચેક અપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. નિશુલ્ક બલ્ડ ચેકઅપ અને નિશુલ્ક બલ્ડ પ્રેશર ચેકઅપતથા શુગર પ્રેશર ચેકઅપ, થાઈરોડ,સ્કીન,ખરતા વાળ, દાંત, જુના દુઃખાવાની, કમજોરી, પાઈલ્સ (મુળવેદ) ,આંખની સમસ્યા (ફ્રી ઓપરેશન તેમજ રાહતદર ભાવે ચશ્મા વિતરણ) આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૪૫૦ જેટલા દર્દી ને સારવાર આપી ૧૦૦ અનાથ બાળકોને માતા પિતા ના હોય તેવા બાળકોને ધોરણ ,૮ થી ૧૨ સુધી ભણવાનો ખર્ચ માનવ સહકાર સેવાભાવી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે. કેમ્પ નું સ્થળ : નવાગામ સી.એન.જી. ગેસ પંપ ની સામે, નવાગામ ઉધના સુરત,

ભૂતકાળમાં આરોગ્ય વિભાગના એક અધિકારીએ સિકલસેલના દર્દીઓના આંકડામાં ગોટાળા કર્યા હોવાની વાત હતી ત્યારે આજે આરોગ્ય વિભાગ પાસે સાચા આંકડા છે...?!

જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમે સાગબારા સામૂહિક અને સેલંબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની લીધેલી મુલાકાત

સિકલસેલ રોગને લીધે સગર્ભા માતાઓના સંભવિત મૃત્યુ સામે રક્ષણ મળી રહે તે માટે આમ જનતાનું સ્ક્રીનીંગ કરવા ડીડીઓની હિમાયત





દર્દીઓને સરકાર દ્વારા મળતા અમુક લાભો પણ ખવાઈ જતા હોય છે ત્યારે ફક્ત આરોગ્ય વિભાગ નહીં બલ્કે મોટા ભાગના સરકારી વિભાગોમાં અમુક અધિકારીઓની મિલી ભગતના કારણે ગરીબ લોકો માટે જાહેર કરેલી સરકારી યોજનાના લાભોથી લોકો વંચિત રહી જાય છે.અને આગેવાનો આરટીઆઈ કરે કે આવેદનો આપે આખરે નિરાશા સિવાય કાંઈ મળતું નથી.

રાજપીપળા : નર્મદા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમે સાગબારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સેલંબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આ કેન્દ્રોમાં દરદીઓને અપાઇ રહેલી આરોગ્યલક્ષી સારવાર-સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. સાગબારા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે માસિક ૧૨૦ કરતા પણ વધુ પ્રસ્તુતિ કરવામાં આવતી બાબતને બિરદાવી દવાખાનામાં કરાતી સ્વચ્છતા જાળવણીથી પણ તેઓ પ્રભાવિત થયા હતાં. પરંતુ શું જિલ્લા વિકાસ અધિકારીએ આરોગ્ય અધિકારીઓ પાસે સિકલસેલના દર્દીઓ કેટલા એ સાચા માંગ્યા...? કદાચ જો માંગ્યા હોય તો ગપગોળાજ હશે કેમકે ભૂતકાળમાં આ આંકડા માટેના સર્વેમાં આરોગ્યનાજ એક અધિકારીએ ગોળા કરી લાખની સરકારી ગ્રાન્ટ ચાઉં કર્યાની વાત સામે આવી હતી ત્યારબાદ પોલ ન ખુલે એ માટે ધમપછાડા પણ માર્યા હતા ત્યારે કદાચ આજે નર્મદા જિલ્લામાં કેટલા સિક્લસેલના દર્દીઓ છે એ સાચો આંકડો મળવો મુશ્કેલ છે.

વધુમાં નર્મદા જિલ્લામાં કાર્યરત ચાર બાલ સેવા કેન્દ્રો પૈકી સાગબારા બાલ સેવા કેન્દ્રમાં એપ્રિલથી ડિસેમ્બર-૨૦૧૮ સુધી ૧૩૫ જેટલા દાખલ કરાયેલા બાળકો પૈકી ૫૪ બાળકો સાજા થયેલ છે. જ્યારે અધુરી સારવાર મૂકીને જનારા ૮ જેટલા બાળકોની બાબત જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમની મુલાકાત દરમિયાન ધ્યાને આવતા અધુરી સારવારવાળા તમામ બાળકોને દવાખાનામાં પૂનઃ દાખલ કરવા અને આવા બાળકો સાજા થયા બાદજ રજા લે તે જોવાનું સૂચન કર્યું હતું. અત્રે ઉખનીય છે કે, બાલ સેવા કેદ્રમાં અતી કુપોતિ બાળકોને ૧૪ દિવસ દાખલ કરીને સારવાર અને સલાહ આપવામાં આવે છે અને બાળકની માતાને સાથે રહેવાના રૂા. ૧૦૦/- લેખે કુલ રૂા.૧૪૦૦/-ની સહાય ચૂકવવામાં આવે છે.પરંતુ કુપોષિત બાળકોના આ સરકારી આંકડા પણ સાચા છે કે કેમ એ એક સવાલ છે કેમકે અગાઉ સિકલસેલ ગોટાળાની વાત આખી દબાઈ ગઈ હતી ત્યારે જો સિકલસેલ અને કુપોષિત બાળકો બાબતે નર્મદા જિલ્લામાં સાચો સર્વે થાય તો દૂધનું દૂધ અને પાણીનું પાણી બહાર આવે એમ છે.

જિલ્લામાં સિકલસેલ રોગના લીધે સરેરાશ આયુષ્યમાં ઘટાડો થવા ઉપરાંત સગર્ભા માતાઓના સંભવિત મૃત્યુ સામે રક્ષણ મળી રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમે તમામ લોકોનું સ્ક્રીનીગ કરવાનું સૂચન કરી આવા દરદીઓ સાથે જરૂરી પરામર્શ થકી લગ્ન અને પ્રસુતિ અંગે જરૂરી સલાહ પૂરી પાડવાની પણ હિમાયત કરી હતી. આ આરોગ્ય કેન્દ્રોની મુલાકાત દરમિયાન તેમને દરદીઓ સાથે પણ ચર્ચા કરી તેમને અપાતી સેવાઓ-સારવાર અંગે પૂછતાછ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. પરંતુ આવી વિઝિટ કરતા જો ખાનગી રહે તપાસ થાય તો જિલ્લામાં દર્દીઓના સાચા આંકડા અને અપાતી સાચી સેવાઓ કેટલા અંશે વ્યાજબી છે એ હકીકત બહાર આવે એમ હોય ત્યારે આવી સરપ્રાઈઝ વિઝિટ કે તપાસ કોણ કરશે...?

રાજપીપળા ડેપો માંથી એલઆરડી પરીક્ષા માટે અપાયેલી બસોના કારણે મોટાભાગના લોકલ રૂટો બંધ



ફક્ત એક્સપ્રેસ અને મેટ્રોલિક બસો ચાલુ રહેતા ગામડાના મુસાફરો ટલ્લે ચઢ્યા શનિવારે ૩૫ બસો અને રવિવારે ૨૦ બસો ફાળવતા અસંખ્ય મુસાફરો બસો વગર અટવાયા તેના કારણે ડેપો સુમસામ

રાજપીપળા : રાજપીપળા એસટી ડેપોમાં રૂટ પુરતીજ બસો છે અને તેમાં પણ મોટાભાગની બો સ્ક્રેપ હાલતમાં મુકાય એવા કિલોમીટર રૂા કરેલી છે છતાં સરકારી કાર્યક્રમો કે બ્રેકડાઉનના કારણે આ ડેપોમાં પહેલેથીજ બસો ઘટે છે ઉપરથી શનિવારે આ ડેપોની ૩૫ બસો એલઆરડી પરીક્ષા માટે ફળવાઈ હતી ત્યારબાદ રવિવારે ૨૦ બસો આ પરીક્ષા માટે અપાતા ડેપોના ૫૭ રૂટો પર ફરતી બસો માંથીજ આ બસો અપાતા મોટાભાગના રૂટો બંધ રાખવા પડ્યા હતા .જેમાં ફક્ત એક્સપ્રેસ અને રાજપીપળાથી વડોદરા ફરતી મેટ્રોલિન્ક બસો દોડતી હતી .

બે દિવસ પેહલા પણ રાજપીપળા ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં પણ આજ રીતે બસો આપતા આવીજ સ્તિથી જોવા મળી હતી જેમાં મુસાફરો અટવાયા હતા માટે વારંવાર આમ થતું હોય તો એસટી વિભાગે કે સરકારે કોઈ અલગ આયોજન આવા કાર્યક્રમો માટે કરવું જોઈએ,આખા ગુજરાત રાજ્યમાં બસોની વર્ષોથી આવીજ હાલત છે છતાં સરકાર કેમ મુસાફરોને પડતી આ તકલીફનું યોગ્ય નિરાકરણ લાવવા કોઈ પગલાં લેતી નથી...?! શું ચૂંટણી સમયે આપેલા વચનો ફક્ત મતદારોને પટાવવાજ આપે છે...? કેમ રાજપીપળા ડેપોને વધુ અને નવી બસો આપવામાં આવતી નથી...? એવા સવાલો હાલ કંટાળેલી પ્રજા પૂછી રહી છે પરંતુ આવનારી ચૂંટણીમાં આવીજ પરીસ્તીથી હશે તો તેની ચૂંટણીના પરિણામો પર જરૂર અસર દેખાશે એમ જાગૃત મતદારોનું માનવું છે.હાલ તો ઉપરાછાપરી કાર્યક્રમોમાં જતી બસોના કારણે મુસાફરો અટવાઈ રહ્યા છે અને ખાનગી વાહનો મારફતે ગમે તે રીતે પોતાના ઘરે કે નોકરી ધંધે જાય છે ત્યારે સરકાર આ માટે યોગ્ય પગલાં લે એવી માંગ ઉઠી છે.

અંકલેશ્વરમાં લાકડાના માર્કેટમાં આગ લાગતા લાખો રૂપિયાનો લાકડાનો જથ્થો બળીને ખાક

અંકલેશ્વર

અંકલેશ્વર રાજપીપળા રોડ પર આવેલ લાકડાના માર્કેટમાં મોડી રાત્રિના સમયે કોઈ આગમ્ય કારણોસર આગ લાગી હતી. આ આગ લાગવની જાણ સત્તાધિશોએ ફાયર વિભાગને કરી હતી. જેથી ચાર જેટલા ફાયર ફાયટરોએ ઘટના સ્થળે દોડી જઈ દોઢ કલાકની ભારે જહેમત બાદ આ આગ પર કાબુ મેળવ્યો હતો. લાકડાના માર્કેટમાં આગ લાગવાના લાકડાનો જથ્થો બળીને ખાખ થઈ જતા માલિકને લાખો રૂપિયાનું નુકસાન થયુ હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર રાજપીપળા રોડ પર ગઈકાલે મોડી રાત્રિના સમયે લાકડાના માર્કેટમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગ લાગવાની જાણ થતા માર્કેટના સંચાલકોએ ફાયર વિભાગને જાણ કરતા ચાર જેટલા ફાયર ફાયટરોએ ઘટના સ્થળે દોડી ગયા હતાં.જોત જોતામાં આ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા લાકડા માર્કેટમાં રહેલ લાક્ડાનો તમામ જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. આ લાકડાના માર્કેટમાં લાગેલી આગ પર પાણીનો સતત મારો ચલાવી અંદાજે લાશ્કરોએ દોઢ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવવામાં સફળતા મેળવી હતી. અચાનક ભભૂકેલ આગના પગલે લાક્ડાના માર્કેટમાં રહેલ તમામ લાકડાનો જથ્થો બળીને ખાખ થઈ જતા તેના માલિકને લાખો રૂપિયાનું નુકસાન થયુ હોવનો અંદાજ હાલમાં તો લગાવાઈ રહ્યો છે.

રામ રાખે તેને કોણ ચાખે: કચરાની ગાડીએ મહિલાને અડફેટે લીધી છતાં બચી ગઈ

સુરત

ઉધનામાં આવેલા સાંઈબાબના મંદિર બહાર દર્શન કરી રહેલી મહિલાને મનપાની ડોર ટુ ડોર કચરાની ગાડીએ રિવર્સમાં લેતા અડફેટે લીધી હતી. રિવસર્મા આવતી ગાડીએ મહિલાએ અડફેટે લેતા મહિલા નીચે પટકાઈ હતી. અને આખી ગાડી તેના પરથી પસાર થઈ ગઈ હતી. જોકે, આ ઘટનામાં મહિલાને સામાન્ય ઈજા થતા ચમત્કારીક બચાવ થયો હતો.

પાલિકાની વોર્ડ ઓફિસમાં કામ કરતા અને ઉધનામાં પરિવાર સાથે રહેતા રમિલાબેન સોલંકી આજે સવારે ઉધનામાં જ આવેલા સાંઈબાબાના મંદિરે દર્શનાર્થે ગયા હતા. જ્યાં રોડ પર ઉભા રહી દર્શન કરી રહ્યા હતા. દરમિયાન મનપાની કચરાની ગાડી રિવર્સમાં આવતા અડફેટે આવી ગયા હતા. જેથી આસપાસથી લોકો દોડી આવ્યા હતા. આ અક્સ્માતની ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. જેમાં મનપાની કપચાની ગાડીના ડ્રાઈવરની બેદરકારી જોવા મળી રહી છે.

વરાછામાં એસટી બસે બાઈકને અડફેટે લેતા ૨ વકીલને ઈજા થઈ

સુરત

વરાછા લંબેહનુમાન રોડ ગરનાળા નજીક આવેલા સર્કલ પાસે એસ.ટી.બસે બાઈક પર જતા બે વકીલને અડફેટે લીધા હતા. જેમાં બેન્ને વકીલને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ મૂળ જૂનાગઢના વિસાવદર ચાવડ ગામના વતની અને હાલમાં પસોદરા ગામ શિવશક્તિ સોસાયટી ખાતે રહેતા ૨૬ વર્ષીય વર્ષીય રાકેશભાઈ તળાવીયા વકીલ છે. અને વરાછા માતાવાડી સ્થિત શોપિંગમાં ઓફીસ ધરાવે છે. ગત બપોરે રાકેશભાઈ તેમના મિત્ર નરેન્દ્રભાઈ સોરઠીયા સાથે તેમની બાઈક પર નવી કોર્ટ બિલ્ડીંગ ખાતેથી ઓફીસે આવી રહયા હતા. તે સમયે વરાછા લંબેહનુમાન રોડ ગરનાળા પાસે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા એસટી બસ (જીજે-૧૮-જેડ-૦૪૧૫)ચાલકે બાઈકને અડફેટે લીધી હતી.

તિલકવાડાના બંદરપુરામાં સ્ટ્રીટ લાઈટ નીચે ચાલતા જુગાર પર રેડ, ૨૨ હજારની રોકડ સાથે ચાર ઝડપાયા,બે ફરાર



નર્મદા જિલ્લામાં પોલીસ ગમે તેટલી કડક થાય પરંતુ હજુ ખાનગી રાહે દારૂ જુગારનો વેપલો ચાલુજ છે

રાજપીપળા : નર્મદા પોલીસ વડા ભલે દારૂ જુગાર બંધ કરાવવા કડક પગલાં કે છતાં ખાનગી રાહે આ ધંધા ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમેજ છે જેમાં અમુક પોલીસ ખાતાના માણસોની સંડોવણી પણ હોવાનું જાણવા મળે છે ત્યારે શનિવારે પણ તિલકવાડાના બંદરપુરા ગામમાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં ચાલતા એક જુગાર પર પોલીસે રેડ કરતા જુગાર રમતા છ જુગારીયાઓ પૈકી ચાર પોલીસના હાથે જલાઈ ગયા અને બે ફરાર થતા શોધખોળ શરુ કરી છે ત્યારે પકડાયેલા જુગારીયાઓ પૈકી સુરેશ ચુનીલાલ ભીલ, રવિદાસ નટુભાઈ ભીલ, નરેન્દ્ર બચુભાઈ ભીલ અને બાબુ જમનાદાસ ભીલની અંગઝડતી માંથી પોલીસને રોકડા રૂપિયા ૧૦,૫૦૦/- તથા જુગારના દાવ પર મુકેલા રોકડા રૂપિયા ૯,૬૦૦/- અને બે મોબાઈલની કિંમત રૂપિયા ૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૨,૧૦૦/- સાથે ચારેયને પકડી પોલીસે કાયદેસર કાર્યવાહી કરી ભાગેલા બે જુગારીયાઓ પૈકી મિયાંદઅલી મહમદઅલી સય્યદ અને યુસુફખા નામના જુગારીયાને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા .

રાણપુરમાં લોકરક્ષક દળની પરીક્ષા યોજાઈ ૭૮૦ ઉમેદવારો માંથી ૫૧૯ ઉમેદવારોએ લેખિત પરીક્ષા આપી



સમગ્ર ગુજરાતમાં આજે લોક રક્ષક દળની પરીક્ષા લેવાઈ છે ત્યારે બોટાદ જીલ્લાના રાણપુર ખાતે ધી.જન્મભુમિ હાઈસ્કુલ અને સી.એસ.ગદાણી હાઈસ્કુલ ખાતે લોકરક્ષકદળ ની પરીક્ષા યોજાઈ હતી જેમા સી.એસ.ગદાણી હાઈસ્કુલ ખાતે કુલ ૩૩૦ ઉમેદવારો માંથી ૨૦૯ ઉમેદવારોએ પરીક્ષા આપી અને ૧૨૧ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા જ્યારે જન્મભુમિ હાઈસ્કુલ ખાતે ૪૫૦ ઉમેદવારો માંથી ૩૧૦ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અને ૧૪૦ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા કુલ ૭૮૦ ઉમેદવારો માંથી ૫૧૯ ઉમેદવારોએ લેખીત પરીક્ષા આપી હતી આ પરીક્ષા અંતર્ગત કોઈ અનિચ્છીય બનાવ ન બને તે માટે રાણપુર પોલીસ દ્વારા ચુસ્તબંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો અને શાંતિપુર્ણ વાતાવરણ વચ્ચે લોકરક્ષક દળની લેખીત પરીક્ષા યોજાઈ હતી.



